Sr. No.: 22
Date: 18/01/2021

**INDIA NON JUDICIAL**

# Government of Gujarat

Rs.
50

सत्यमेव जयते

## Certificate of Stamp Duty

| | | |
|---|---|---|
| **Certificate No.** | : | **IN-GJ93189826095351T** |
| Certificate Issued Date | : | 08-Jan-2021 05:19 PM |
| Account Reference | : | IMPACC (SV)/ gj13192804/ BARODA/ GJ-BA |
| Unique Doc. Reference | : | SUBIN-GJGJ1319280423342274531022T |
| Purchased by | : | KRUNIK SHAH |
| Description of Document | : | Article 4 Affidavit |
| Description | : | Not Applicable |
| Consideration Price (Rs.) | : | 0 (Zero) |
| First Party | : | AMEY INFRASTRUCTURE |
| Second Party | : | Not Applicable |
| Stamp Duty Paid By | : | AMEY INFRASTRUCTURE |
| Stamp Duty Amount(Rs.) | : | 50 (Fifty only) |

NOTARY
VIBHAKAR P. SHAH

0006243517

Statutory Alert

सत्यमेव जयते

# INDIA NON JUDICIAL

## Government of Gujarat

## Certificate of Stamp Duty

| | | |
|---|---|---|
| **Certificate No.** | : | **IN-GJ93196248135616T** |
| Certificate Issued Date | : | 08-Jan-2021 05:27 PM |
| Account Reference | : | IMPACC (SV)/ gj13192804/ BARODA/ GJ-BA |
| Unique Doc. Reference | : | SUBIN-GJGJ1319280423354841066858T |
| Purchased by | : | KRUNIK SHAH |
| Description of Document | : | Article 14 Bond |
| Description | : | AFFIDAVIT |
| Consideration Price (Rs.) | : | 0<br>(Zero) |
| First Party | : | AMEY INFRASTRUCTURE |
| Second Party | : | Not Applicable |
| Stamp Duty Paid By | : | AMEY INFRASTRUCTURE |
| Stamp Duty Amount(Rs.) | : | 250<br>(Two Hundred And Fifty only) |

NOTARY
VIBHAKAR P. SHAH
AREA BARODA DIST.
Reg. No.
NTR/486/2002
Commission Expire
on Dt. 10-7-2022
GOVT. OF GUJARAT

SMITABEN CHIRAGBHAI RANA
9662008141
VADODARA

LB 0006243521

Statutory Alert:

1. The authenticity of this Stamp certificate should be verified at 'www.shcilestamp.com' or using e-Stamp Mobile App of Stock Holding Any discrepancy in the details on this Certificate and as available on the website / Mobile App renders it invalid.
2. The onus of checking the legitimacy is on the users of the certificate.
3. In case of any discrepancy please inform the Competent Authority

**AFFIDAVIT CUM DECLARATION**

Affidavit cum declaration **of Mr. RAJUBHAI BHAVANBHAI BHARWAD** authorised signatory **of AMEY INFRASTRUCTURE for the project THE RB CAPITAL situated at AT VAINKUNTH CROSSING, BESIDE RAJRATNA PLATINA, WAGHODIA ROAD,VADODARA-390019, R.S.NO.566/1 & 572/1, T.P. 43 , F.P. 23/1 & 29/2** authorised signatory of proposed project duly authorized by the promoter of the project, do hereby, solemnly declare, undertake and state as under;

I /we submitted and got approval of our plan/layout in which drainage layout and sewerage disposal system is not shown as per GDCR/NBC. I/we hereby undertake that till the drainage connectivity is provided by the concerned authority, Septic Tanks and Soak well would be provided in accordance with (IS 2470). The provision for disposal of drainage would be as per Rule 23.10.1 of the new GDCR -2017. OR

Our project **THE RB CAPITAL** is in the **VMC ( VADODADARA MUNICIPAL CORPORATION)** municipal corporation area. There exist drainage network in surrounding of project area. We shall connect drainage network of our project with existing drainage network of **VMC ( VADODADARA MUNICIPAL CORPORATION)** municipal corporation. with prior permission of **VMC ( VADODADARA MUNICIPAL CORPORATION)** prior to giving possession to allottees. I/we further undertake that I/We will take building use permission from planning authority after providing/constructing/executing drainage and sewerage disposal system as per GDCR/NBC. A copy of the same will be submitted to Gujarat Rera thereafter, for their record.

We also undertake to maintain the same in good working order till the maintenance is handed over to the service society of the allottes.

We understand that the entire responsibility for the same will be that of **RAJUBHAI BHAVANBHAI BHARWAD**

**Deponent**



V P. SHAH - NOTARY

I Know the Signaturies who has / have signed / made ...... T.I. In my'presence.

SOLEMNLY AFFIRM & DECLARE ON OATH BY

SIGNED BEFORE ME ON OATH

V. P. SHAH NOTARY VADODARA.

18/01/2021

NOTARY
VIBHAKAR P. SHAH
AREA BARODA DIST.
Reg. No.
NTR/486/2002
Commission Expire on Dt. 10-7-2022
GOVT. OF GUJARAT

24

Sr. No. : 24
Date : 18/01/2021

# INDIA NON JUDICIAL

# Government of Gujarat

## Certificate of Stamp Duty

सत्यमेव जयते

| | | |
|---|---|---|
| **Certificate No.** | : | IN-GJ93192891513547T |
| Certificate Issued Date | : | 08-Jan-2021 05:23 PM |
| Account Reference | : | IMPACC (SV)/ gj13192804/ BARODA/ GJ-BA |
| Unique Doc. Reference | : | SUBIN-GJGJ1319280423348401867391T |
| Purchased by | : | KRUNIK SHAH |
| Description of Document | : | Article 5(h) Agreement (not otherwise provided for) |
| Description | : | Not Applicable |
| Consideration Price (Rs.) | : | 0<br>(Zero) |
| First Party | : | AMEY INFRASTRUCTURE |
| Second Party | : | Not Applicable |
| Stamp Duty Paid By | : | AMEY INFRASTRUCTURE |
| Stamp Duty Amount(Rs.) | : | 300<br>(Three Hundred only) |

NOTARY
VIBHAKAR P. SHAH
AREA BARODA DIST.
Reg. No.
NTR/486/2002
Commission Expire
on Dt. 10-7-2022
GOVT. OF GUJARAT

SMITABEN CHIRAGBHAI RANA
(M) 9662008141
VADODARA

LB 0006243519

Statutory Alert:

1. The authenticity of this Stamp certificate should be verified at 'www.shcilestamp.com' or using e-Stamp Mobile App of Stock Holding. Any discrepancy in the details on this Certificate and as available on the website / Mobile App renders it invalid.
2. The onus of checking the legitimacy is on the users of the certificate.
3. In case of any discrepancy please inform the Competent Authority.

## AUTHORITY LETTER

BY THIS LETTER OF AUTHORITY WE THE UNDER SIGN ALL PARTNER OF SHIV ENCLAVE ENTERPRISE HAVING REGISTERD OFFICE AT **AMEY INFRASTRUCTURE GF/10, RAJ BHAVAN RESIDENCY, BEHIND RELIANCE FRESH, WAGHODIA ROAD, VADODARA-390019** DO HEREBY AUTHORISE **MR. RAJUBHAI BHAVANBHAI BHARWAD** HAVING PAN NO **APBPB 2717 D** RESIDING **MOTI BAPOD GAM, OP. TALALTI OFFICE, WAGHODIA ROAD VADODARA-19** ONE OF THE PARTNER OF FIRM AS ATTORNEY FOR THE FIRM AND FIRMS BEHALF ENROLMENT OF THE NAME OF FIRM ON GUJRERA, ROF, ANY GOVERNMENT OR NON GOVERNMENT AUTHORITIES FOR SIGN SUBMIT VARIOUS DOCUMENTS ELECTRONICALLY OR PHYSICALLY AND TO MAKE AN APPLICATIONS , REPRESENTATIONS, MODIFICATIOS OR ALTERATION BEFORE REGISTRATION OF FIRM OR AFTER REGISTRATION OF FIRM WHEN EVER GOVERNMENT OR NON GOVERNMENT AUTHORITIES AS AND WHEN REQUIRED.

SIGN OF PARTNER



1). LALABHAI BHAVANBHAI BHARWAD

V. P. SHAH - NOTARY



2) LALABHAI BHAVANBHAI BHARWAD HUF


NOTARY
VIBHAKAR P. SHAH
AREA BARODA DIST.
GOVT. OF GUJARAT

3) SONALBEN LALABHAI BHARWAD





4) RAJUBHAI BHAVANBHAI BHARWAD



5) RAJUBHAI BHAVANBHAI BHARWAD HU



6) VILASHBEN RAJUBHAI BHARWAD



7 PARTH GOPALDAS AGRAWAL



8) PRACHI PARTH AGRAWAL

NOTARY
VIBHAKAR P. SHAH
AREA BARODA DIST.
Reg. No.
NTR/486/2002
Commission Expire
on Dt. 10-7-2022
GOVT. OF GUJARAT


I Know the Signaturies who has / have signed / made ...... T.I. In my presence.

SIGNED BEFORE ME

V. P. SHAH NOTARY . VADODARA.

18/01/2021

6




N. M. THAKKAR
ENGINEER & ARCHITECT
4, YAMUNA PARK SOC;
NR. RANCHHODJI TEMPLE
WAGHODIA ROAD, VADODARA-19.

૨૦૧.નં. ૪૪૩૨
EOR-75
19-24

## કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, વડોદરા

કલેકટર કચેરી, કોઠી બિલ્ડિંગ, રાવપુરા, વડોદરા - ૩૯૦૦૦૧

ફોન નંબર : ૦૨૬૫-૨૪૩૩૦૦૦ ઇ-મેઇલ : collector-vad@gujarat.gov.in

### ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ-૬૫ હેઠળ

હુકમ નં. 597/19/17/019/2019

તા. 13/08/2019

વંચાણે લીધા :-

(૧) અરજદારશ્રી નરેશસિંહ હરિસિંહ ઝાલા
રહે. ૧૦૩ વિજયનગર સોસાયટી, આરવીદેસાઈ રોડ, વડોદરા, વડોદરા-390018 ની તા.25/07/2019 ની ઓનલાઇન અરજી (નં.3191701905285) તથા સોગંદનામુ

(૨) મુંબઇ જમીન મહેસૂલ કાયદો ૧૮૭૯ ની કલમ - ૪૮, ૬૫, ૬૬ તથા ૬૭

(૩) ગુજરાત જમીન મહેસૂલ નિયમો, ૧૯૭૨ ના નિયમ ૮૧, ૧૦૦, ૧૦૧, ૧૦૨

(૪) સરકારશ્રીના મહેસૂલ વિભાગનાં ઠરાવ નં. બખપ/૧૦૦૬/૪૨૫/ક તા.૦૧/૦૭/૨૦૦૮

(૫) સરકારશ્રીના મહેસૂલ વિભાગનાં પરિપત્ર ક્રમાંક: બખપ/૧૦૨૦૧૮/૩૨૭/ક તા.૦૮/૦૫/૨૦૧૮

(૬) સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક: એસ/ટીપી/૧૨૨૦૯/૭૬૯/૧૧/હ.૧ તા.૩૧/03/૨૦૧૧

(૭) સરકારશ્રીના મહેસૂલ વિભાગનાં ઠરાવ ક્રમાંક: બખપ/૧૦૨૦૧૮/૪૨૫/ક તા.૦૯/૦૧/૨૦૧૯

(૮) સરકારશ્રીના મહેસૂલ વિભાગનાં પરિપત્ર ક્રમાંક: બખપ/૧૦૨૦૧૮/૪૨૫/ક તા.૧૨/૦૨/૨૦૧૯

(૯) ઓનલાઇન પોર્ટલ પરની કેસ વિગત

૧. વંચાણે લીધેલ ક્રમ (૧) ની અરજી તથા સોગંદનામા થી અરજદારશ્રી નરેશસિંહ હરિસિંહ ઝાલા એ મોજે બાપોદ તા. વડોદરા શહેર (પૂર્વ) જિ. વડોદરા ના સરવે/બ્લોક નં. 572p૧ ના ક્ષેત્રફળ 1,430.00 ચો.મી. પૈકી ક્ષેત્રફળ 858.00 ચો.મી ની જમીન અંગે ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ-૬૫ હેઠળ બિનખેતીના હેતુ માટે પરવાનગી આપવા વિનંતી કરેલ છે.

૨. સવાલવાળી જમીનના ગામ નમૂના નં. ૭/૧૨ માં કબજેદારોની વિગત નીચે મુજબ છે.

| સરવે/બ્લોક નંબર<br>ટી.પી. નંબર<br>એફ.પી. નંબર | માંગણીનું<br>ક્ષેત્રફળ (ચો.મી.) | કબજેદારોના નામ<br>(ખાતા નં. 278) | જમીનનો સત્તાપ્રકાર<br>(૭/૧૨ મુજબ) |
|---|---|---|---|
| સરવે/બ્લોક નં. : 572p૧<br>જુનો સરવે/બ્લોક નં. : ---<br>ટી.પી. નં. : 43<br>એફ.પી. નં.: 29/2 | 858.00 | નરેશસીંહ હરીસિંહ ઝાલા | જુની શરત (જુ.શ) |

૩. વસુલ કરવામાં આવેલ કરવેરાની વિગત નીચે મુજબ છે.

બેંકમાં ચલન ભર્યા તા.09/08/2019 નં.5700001355100350708191197 7

| કરની વિગત | સદર | માંગણીનું ક્ષેત્રફળ (ચો.મી.) | દર રૂ. પ્રતિ ચો.મી. | કુલ રકમ રૂ. |
|---|---|---|---|---|
| રૂપાંતર કર | 569-0035-00-800-01 | 858.00 | 40.00 | 34,320.00 |
| વિશેષ ધારો | 570-0035-00-101-01 | 858.00 | 0.60 | 515.00 |
| લોકલ ફંડ | 574-0029-00-103-01 | 858.00 | 1.80 | 1,544.00 |
| શિક્ષણ ઉપકર | 575-0045-00-108-01 | 858.00 | 0.45 | 386.00 |
| માપણી ફી | 577-0029-00-106-01 | 858.00 | --- | 1,800.00 |
| | | | કુલ રૂ. | 38,565.00 |

૪. ઉપર્યુકત તમામ હકીકતો ધ્યાને લઇ મોજે બાપોદ તા. વડોદરા શહેર (પૂર્વ) જિ. વડોદરા ના સરવે/બ્લોક નં. 572p૧ ના ક્ષેત્રફળ 1,430.00 ચો.મી. પૈકી ક્ષેત્રફળ 858.00 ચો.મી ની જમીનને નીચે જણાવેલ શરતોને આધિન ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ-૬૫ હેઠળ બિનખેતી હેતુ (બહુહેતુક ઉપયોગ) માટે પરવાનગી આપવા આથી હુકમ કરવામાં આવે છે.



FOR AMEY INFRASTRUCTURE

PARTNER

શરતો :-

(૧) આ હુકમ મળ્યેથી બે માસમાં "એમ" નમૂનામાં સનદ પ્રાપ્ત થશે.

(૨) જિલ્લા ઇન્સ્પેકટરશ્રી, જમીન રેકર્ડની કચેરીમાં માપણી ફી જમા કરાવેલ છે. જેથી માપણી કરી / કરાવી આ હુકમ આધારે તેમજ મંજૂર થયેલ પ્લાન મુજબ દુરસ્તી પત્રક તૈયાર કરવાનું / કરાવવાનું રહેશે અને દુરસ્તી પત્રકનો મહેસૂલી દફતરે અમલ થયા બાદ જ પ્રશ્નવાળી બિનખેતીની જમીન / પ્લોટનું રજી. દસ્તાવેજથી થયેલ વેચાણ વ્યવહારના અમલ માટે નોંધ પાડવાની રહેશે.

(૩) અરજદારે પ્રતિ વર્ષે ખેતી સિવાયનો ધારો (વિશેષધારો ) દર પ્રતિ ચો.મી. ના રૂ. 0.60 પ્રમાણે રૂ. 515.00 તેમજ નિયમ પ્રમાણે લોકલ ફંડ તથા શિક્ષણ સેસ ભરવો પડશે જે અંગેનો દર વખતોવખત ફેરફારને પાત્ર રહેશે.

(૪) વડોદરા મહાનગરપાલિકા એ મંજૂર કરેલા પ્લાન મુજબ બાંધકામ કરવાનું રહેશે અને હુકમ થયા તારીખથી ત્રણ વર્ષમાં બાંધકામ પૂર્ણ કરવાનું રહેશે.

(૫) સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ નં. બખપ/૧૦૯૩/૧૦૫૨/ક તા. ૧૩/૦૯/૧૯૯૩ માં ઠરાવ્યા મુજબ સહીયારા / કોમન પ્લોટ અને રસ્તાની જમીન સોસાયટીની માલિકીની અથવા સર્વે પ્લોટ હોલ્ડરની સહીયારી માલિકીની ગણાશે તે ઉપર મુળ માલિકનો કોઇ હકક રહેશે નહિ.

(૬) સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા. ૦૭/૦૮/૧૯૯૧ ના પરિપત્ર નં. બખપ-૧૦૯૧/૧૭૫૬/ક ની જોગવાઇ મુજબ બિન અધિકૃત બાંધકામ બાબતે બાંધકામ નિયંત્રણ કરતી સંબંધિત મહાનગરપાલિકા / શહેરી વિસ્તાર સત્તા મંડળએ ધોરણસરનાં પગલાં લેવાના રહેશે.

(૭) સદર જમીનમાંથી પેટ્રોલીયમ / પાણીની કે અન્ય કોઇપણ પ્રકારની પાઇપલાઇન પસાર થતી હશે તો તે સંદર્ભે વિકાસ પરવાનગી આપનાર ઓથોરિટીએ સંબંધિતોનું ના-વાંધા પ્રમાણપત્ર મેળવી વિકાસ પરવાનગી આપવાની રહેશે.

(૮) સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા.૧૨/૦૨/૨૦૧૯ ના પરિપત્ર નં.બખપ/૧૦૨૦૧૮/૪૨૫/ક મુજબની નીચેની શરતોનુ પાલન કરવાનું રહેશે.

૧. જો અગાઉ ચોકકસ હેતુ માટે પ્રિમિયમ ભરપાઇ થયેલ હોય અને અન્ય હેતુ માટે વિકાસ પરવાનગી માંગેલ હોય/ નકશા મંજૂર કરવાના થતા હોય તો વિકાસ પરવાનગી આપતાં પહેલા પ્રિમિયમ તફાવત ભરાયાની સંબંધિત સત્તામંડળે ખાતરી કરવાની રહેશે અને ત્યારબાદ જ વિકાસ પરવાનગી આપવાની રહેશે.

૨. જીડીસીઆર મુજબ જે તે હેતુ/ ઉપયોગ માટે પરવાનગી મળવાપાત્ર નહિં હોય તો તે ઉપયોગ કરી શકાશે નહિં.

૩. ખેતી ઝોનમાં જીડીસીઆર મુજબ જેટલુ બાંધકામ મળવાપાત્ર હશે તેટલા જ ક્ષેત્રફળ માટે વિકાસ પરવાનગી આપવાની રહેશે.

૪. બિનખેતી પરવાનગી મળ્યા બાદ જો ખાસ મંજૂરી વિના ધાર્મિક ઉપયોગ માટે બાંધકામ કરેલ હશે તો તે શરતભંગ ગણાશે અને તે બાંધકામ દૂર કરવાપાત્ર થશે.

(૯) સરકારશ્રીનાં મહેસૂલ વિભાગનાં તા. ૦૧/૦૭/૨૦૦૮ ના ઠરાવ નં. બખપ/૧૦૦૬/૪૨૫/ક માં જણાવેલ નીચે મુજબની શરતોનું પાલન કરવાનું રહેશે.

૧. જિલ્લા ઇન્સ્પેકટરશ્રી, જમીન રેકર્ડ દ્વારા ઇસ્યુ કરાયેલ માપણી શીટ કે જેના ઉપર મૂળ ટિપ્પણની હદ પણ દર્શાવેલ હોવી જોઇએ. રજૂ કરાયેલ પ્લાન તથા લે-આઉટ પ્લાન સક્ષમ કક્ષાએ મંજૂર કરાયેલ હોવી જોઇએ.

૨. બાંધકામ શરૂ કરતા પહેલા બાંધકામનાં નકશા સક્ષમ અધિકારી પાસે મંજૂર કરાવવાના રહેશે. પરંતુ અરજદાર બિનખેતી પરવાનગી મેળવ્યા વગર આવા બાંધકામની રજા ચિઠ્ઠી મેળવી શકશે નહિ.

૩. શહેરી વિસ્તાર જયાં ટાઉન પ્લાનિંગ સ્કીમ મંજૂર થઇ ગઇ છે ત્યાં જી.ડી.સી.આર. અને ઝોનિંગના નિયમો અનુસાર બાંધકામ કરવાનું રહેશે.

૪. મંજૂર થયેલ નકશા મુજબ આરોગ્ય અને સ્વાસ્થ્યની દ્રષ્ટિએ ગંદા પાણીનાં નિકાલની જોગવાઇ કરવાની રહેશે.

૫. અરજદારે રિબન ડેવલપમેન્ટ રુલ્સ નીચે જે તે રસ્તાનો પ્રકાર ધ્યાને લઇ રસ્તાના મધ્યબિંદુથી બાંધકામ વચ્ચે અંતર જાળવવાનું રહેશે અન્યથા અરજદારની જવાબદારી થશે.

૬. ફલોર, મિલ, સિનેમા/ ટુરિંગ સિનેમા/ થિયેટર માટે બિનખેતી પરવાનગીના કામે જિલ્લા મેજિસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

૭. પેટ્રોલ, ડીઝલ, કેરોસીન, સી.એન.જી., એલ.પી.જી. પંપ નાંખવા માટે બિનખેતી પરવાનગીના કામે બાંધકામ શરૂ કરતાં પહેલા જિલ્લા મેજિસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

૮. ઇન્ડિયન એક્ષપ્લોઝિવ એકટ અન્વયે મેગેનિઝ, ફાયર વર્કસ, દારૂખાના માટે બિનખેતીની કાર્યવાહી કરતા પહેલા જિલ્લા મેજિસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

૯. સવાલવાળી જમીન જો રેલવે હદની નજીક હોય તો રેલવેની હદથી નિયમ મુજબ જગ્યા છોડી બાંધકામ કરવાનું રહેશે.

૧૦. સવાલવાળી જમીન ઉપરથી અથવા બાજુમાંથી વીજળી ગ્રિડના તાર/ હાઇટેન્શન પાવર અગર થાંભલા આવેલ હોય ત્યારે તે અન્વયે લાગુ પડતા નિયમોનું પાલન કરવા અને તે મુજબ બાંધકામ કરવાનું રહેશે.



FOR AMEY INFRASTRUCTURE

PARTNER

૧૧. બિનખેતી માંગવામાં આવી હોય તેવી જમીન જો એરોડ્રામ આસપાસ નિયમ મુજબની ત્રિજ્યામાં આવતી હોય ત્યારે બાંધકામની ઉંચાઇ તથા એરોડ્રામની દ્રષ્ટિએ જરૂરી એવુ ના-વાંધા પ્રમાણપત્ર સિવિલ એવિએશન ખાતા પાસેથી મેળવવાનું રહેશે અને સિવિલ એવિએશન ખાતાના નિયમોનું પાલન કરવાનું રહેશે.

૧૨. ઓ.એન.જી.સી. ના કુવાની નજીકમાં આવેલ જમીનના કિસ્સામાં અરજદારે સંબંધિત નિયમોનું પાલન કરવાનું રહેશે.

૧૩. નર્મદા કેનાલ/ અન્ય સિંચાઇ કેનાલની નજીકમાં આવેલ જમીનની બાબતમાં અરજદારે સૂચિત બાંધકામ માટે જાળવવાના થતાં અંતર અંગેના નિયમોનું પાલન કરવાનું રહેશે.

૧૪. અરજદારે/ જયાં જરૂરી હોય ત્યાં કેન્દ્ર સરકાર કે રાજય સરકારના કાયદા નીચે રક્ષિત સ્મારક (Protected Monuments) તરીકે જાહેર કરેલ પ્રાચીન સ્મારકથી નિયમ મુજબનું અંતર જાળવવાની પ્રવર્તમાન જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૧૦) પ્રશ્નવાળી જમીનમાં નગરપાલિકા/ મહાનગરપાલિકા/ શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા જે શરતોએ પરવાનગી આપવામાં આવશે તે શરતોનું પાલન તથા બાંધકામ કરવાનું રહેશે.

(૧૧) આ જમીનમાં વરસાદી પાણીના ભુગર્ભ વહન/ સંચય માટે દર મકાન/ બહુમાળી મકાન દીઠ એકના દરે આ જમીનમાં ઉપર પરકોલેટીંગ બોરવેલની વ્યવસ્થા અચુક કરવાની રહેશે તથા વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા કરીને બાંધકામ કરવાનું રહેશે.

(૧૨) પ્રશ્નવાળી જમીનમાં સ્થળે થયેલ બાંધકામ સ્થાનિક સ્વરાજની સંસ્થાના નિયમોનુસાર નહિ હોય તો સ્થાનિક સ્વરાજની સંસ્થા નિયમોનુસાર કાર્યવાહી કરી શકશે. તેમાં આ હુકમથી બાધ આવશે નહિ.

અરજદારે ઉપરોકત શરતોનું પાલન કરવાનું રહેશે. જો તેમાં નિષ્ફળ જશે તો શરતભંગ ગણી સક્ષમ અધિકારી કાયદેસરની કાર્યવાહી કરશે.

(૧૩) ઉપરની કોઇપણ શરતનો ભંગ થયેથી જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૭ મુજબ શિક્ષાત્મક પગલા લેવામાં આવશે તેમજ બીજી કોઇપણ શિક્ષાને પાત્ર હશે તો તેને બાધ આણ્યા સિવાય કે જે ફરમાવવાનું યોગ્ય લાગે તે પ્રમાણે દંડ અથવા આકાર લઇ સદરહુ જમીનનો કબજો કબજેદાર પાસે ચાલુ રહેવા દઇ શકાશે.

(૧૪) ઉપરોકત શરતોમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કલેકટરશ્રી સદરહુ હુકમ વિરૂધ્ધ બાંધેલા અથવા વધારાના કોઇપણ મકાન અથવા ઇમલાને કલેકટરશ્રીએ, આ અર્થે જે મુદત ઠરાવી હોય તે મુદત દરમિયાન તેવી રીતે ખસેડવામાં ન આવે કે સૂચવ્યા મુજબ ફેરફાર ન કરવામાં આવે તો તેમ કરવામાં જે ખર્ચ થાય તે કબજેદાર પાસેથી જમીન મહેસૂલની બાકી તરીકે વસુલ કરવાને મુખત્યાર છે.

(૧૫) સવાલવાળી જમીન સંબંધે ભવિષ્યમાં તૈયાર થનાર વિકાસ યોજના અને નગર રચના યોજના સંબંધે સરકારશ્રી / સત્તામંડળ/ નગર રચના અધિકારીશ્રી દ્વારા જે કોઈ દરખાસ્ત આખરી કરવામાં આવે તો તે અરજદારશ્રી / જમીન માલિક / મિલકતધારકોને બંધનકર્તા રહેશે.

૧૫ મહેસુલ વિભાગના પરીપત્ર ક્રમાંક બખપ/૧૦૨૦૧૮/૩૨૭/ક તા.૦૮/૦૫/૨૦૧૮ ની સુચના મુજબ શહેરી વિકાસ વિભાગના લાગુ પડતા સક્ષમ સત્તાધિકારીશ્રીઓ જમીનના ઉપયોગ પ્રમાણે પ્લાન રજુ થતા જે તે વિસ્તારના અમલી નિયમો પ્રમાણે નિર્ણય કરશે અને ભવિષ્યમાં જ્યારે મંજુર થયેલ પ્લાન વિરુધ્ધ કોઈપણ બાંધકામ થાય અથવા તો કોઈપણ રીતે મંજુરીનુ ઉલ્લંઘન થાય તો નિયમોનુસારની કાર્યવાહી સક્ષમ સત્તાધિકારી કરશે.

૧૬ ભારતીય વાયુસેનાના હવાઈમથક તથા ઇન્સ્ટોલેશનથી બાંધકામ કરવાની મર્યાદા ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય દ્વારા જાહેરનામાથી વખતો વખત બહાર પાડવામાં આવે તેટલી ત્રિજ્યા બહાર બાંધકામ કરવાનુ રહેશે.

૧૭ સવાલવાળી જમીન જો જેલથી નજીક હોય તો ૧૮૪ મીટર છોડીને બાંધકામ કરવાનુ રહેશે.

૧૮ જો અગાઉ કોઇ ચોકકસ હેતુ માટે પ્રિમીયમ ભરપાઇ થયેલ હોય અને અન્ય હેતુ માટે વિકાસ પરવાનગી માંગેલ હોય / નકશા મંજુર કરવાના થતા હોય તો વિકાસ પરવાનગી આપતાં પહેલાં પ્રિમીયમ તફાવત ભરાયાની સંબંધિત સત્તામંડળે ખાતરી કરવાની રહેશે અને ત્યારબાદ જ વિકાસ પરવાનગી આપવાની રહેશે.

૧૯ જી.ડી.સી.આર મુજબ જે તે હેતુ / ઉપયોગ માટે પરવાનગી મળવાપાત્ર નહી હોય તો તે ઉપયોગ કરી શકાશે નહી.

૨૦ ખેતી ઝોનમાં જીડીસીઆર મુજબ જેટલું બાંધકામ મળવાપાત્ર હશે તેટલા જ ક્ષેત્રફળ માટે વિકાસ પરવાનગી આપવાની રહેશે.

૨૧ બિનખેતી પરવાનગી મળ્યા બાદ જો ખાસ મંજુરી વિના ધાર્મિક ઉપયોગ માટે બાંધકામ કરેલ હશે તો તે શરતભંગ ગણાશે અને તે બાંધકામ દુર કરવાપાત્ર થશે.

૨૨ સવાલવાળી જમીનનો ટી.પી.સ્કીમમાં સમાવેશ થયેલ હોઇ ટી.પી.સ્કીમના પુનર્વહેચણીપત્રક મુજબ અમલ કરવાનો રહેશે.

૨૩ કલેક્ટરશ્રી વડોદરાના શરતફેરના હુકમ નં /૨૮૮/૧૯/૧૭/૨૦૧૯ તા.૨૦/૬/૨૦૧૯ માં જણાવેલ શરતોનો અમલ કરવાનો રહેશે.

વધુમાં ઉપર્યુક્ત શરતોને આધીન અરજદાર દ્વારા રજુ થયેલ સોગંદનામાની વિગતોમાં તેઓ દ્વારા જાહેર કરેલી હકીકતોને આધારે સવાલવાળી જમીનના બિનખેતી ઉપયોગ માટે પરવાનગી આપવામાં આવે છે.



FOR AMEY INFRASTRUCTURE

PARTNER

રવાનગી કર્યુ :

મામલતદાર બીનખેતી
વડોદરા.

( SHALINI AGARWAL )
કલેક્ટર, વડોદરા

આર.પી.એ.ડી.
પ્રતિ,
નરેશસિંહ હરિસિંહ ઝાલા
૧૦૩ વિજયનગર સોસાયટી
આરવીદેસાઈ રોડ
વડોદરા
વડોદરા-૩૯૦૦૧૮

નકલ રવાના:-

૧. મુખ્ય અધિકારીશ્રી, વડોદરા મહાનગરપાલિકા
૨. મામલતદારશ્રી તા. વડોદરા શહેર (પૂર્વ) જિ. વડોદરા (હુકમનો અમલ ગામ દફતરે રેકર્ડ ઓફ રાઈટ્સ મુજબ કરાવવા સારૂ.)
૩. જિલ્લા ઈન્સ્પેકટરશ્રી જમીન રેકર્ડ જિ. વડોદરા

* આ હુકમની ઇ-ધરા કેન્દ્ર, વડોદરા શહેર (પૂર્વ) માં નોંધ નંબર 9802 થી મોજે.- બાપોદ તા.- વડોદરા શહેર (પૂર્વ) જિ.- વડોદરા માં નોંધ થયેલ છે.



FOR AMEY INFRASTRUCTURE

PARTNER

## કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, વડોદરા

કલેકટર કચેરી, કોઠી બિલ્ડિંગ, રાવપુરા, વડોદરા - ૩૯૦૦૦૧

ફોન નંબર : ૦૨૬૫-૨૪૩૩૦૦૦ ઇ-મેઇલ : collector-vad@gujarat.gov.in

હુકમ નં. 1416/19/17/019/2020

તા. 21/11/2020

વંચાણે લીધા :-

(૧) અરજદારશ્રી રાજુભાઇ ભવનભાઇ ભરવાડ

રહે. બાપોદ ગામ, તલાટી ઓફીસ પાસે, વડોદરા-390019 ની તા. 05/10/2020 ની ઓનલાઇન અરજી તથા સોગંદનામુ

(૨) ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ-૬૫(અ), ૪૮ અને આનુષંગિક નિયમ ઠરાવ અને પરિપત્રોની જોગવાઇઓ.

હુકમ :-

વંચાણે લીધેલ ક્રમ (૧) ની અરજી તથા સોગંદનામા થી અરજદારશ્રી રાજુભાઇ ભવનભાઇ ભરવાડ એ મોજે બાપોદ તા. વડોદરા શહેર (પૂર્વ) જિ. વડોદરા ના સરવે/બ્લોક નં. 566/૧ ના ક્ષેત્રફળ 2,125.00 ચો.મી. પૈકી ક્ષેત્રફળ 1,275.00 ચો.મી ની જમીન અંગે ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ-૬૫(અ) હેઠળ બિનખેતી હેતુફેરની પરવાનગી મેળવવાની માગણી કરેલ છે.

કલેકટર વડોદરા

સવાલવાળી જમીનના ગામ નમૂના નં. ૭/૧૨ માં કબજેદારોની વિગત નીચે મુજબ છે.

| સરવે/બ્લોક નંબર<br>ટી.પી. નંબર<br>એફ.પી. નંબર | માંગણીનું<br>ક્ષેત્રફળ (ચો.મી.) | કબજેદારોના નામ<br>(ખાતા નં. 6300) |
|---|---|---|
| સરવે/બ્લોક નં. : 566/૧<br>જુનો સરવે/બ્લોક નં. : ---<br>ટી.પી. નં. : 43<br>એફ.પી. નં.: 23/1 | 1,275.00 | Amey Infrastructure, નામની ભાગીદારી પેઢી વતી (૧) રાજુભાઇ ભવનભાઇ ભરવાડ (૨) પાર્થ ગોપાલદાસ અગ્રવાલ. |

સવાલવાળી જમીન અંગેના રજૂ થયેલ રેકર્ડની ચકાસણી કરતાં સદર જમીન હાલમાં બિનખેતી સત્તાપ્રકારે ચાલતી આવે છે. તેમજ અરજદારે સોગંદનામામાં જાહેર કરેલ હકીકત તથા અન્ય આધાર પુરાવાઓ ધ્યાને લેતા મહેસૂલી ટાઇટલ કિલયર હોવાનું જણાય છે. જેથી બિનખેતી હેતુફેરની પરવાનગી આપવાપાત્ર જણાય છે. હુકમના ઉપરોક્ત વંચાણે લીધેલ પત્રમાં જણાવેલ વિગતે અરજદારને રૂપાંતર કર, વિશેષ ધારો તથા અન્ય વેરાની રકમ સરકારશ્રીમાં ભરપાઇ કરવા ઓનલાઇન સિસ્ટમ દ્વારા તેઓને જાણ કરતાં, નીચે જણાવેલ વિગતે ઓનલાઇન સિસ્ટમ દ્વારા અરજદારે નાણા સરકારશ્રીમાં જમા કરાવેલ છે. જે નીચેની વિગતે છે.

| કરની વિગત | સદર | માંગણીનું ક્ષેત્રફળ (ચો.મી.) | દર/ તફાવત દર રૂ. પ્રતિ ચો.મી. | કુલ રકમ રૂ. |
|---|---|---|---|---|
| રૂપાંતર કર | 569-0035-00-800-01 | 1,275.00 | 40.00 | 51,000.00 |
| વિશેષ ધારો | 570-0035-00-101-01 | 1,275.00 | 0.60 | 765.00 |
| લોકલ ફંડ | 574-0029-00-103-01 | 1,275.00 | 1.80 | 2,295.00 |
| શિક્ષણ ઉપકર | 575-0045-00-108-01 | 1,275.00 | 0.45 | 574.00 |
| દંડનીય રકમ | 570-0035-00-101-01 | --- | --- | 38,280.00 |
| માપણી ફી | 577-0029-00-106-01 | 1,275.00 | --- | 1,800.00 |
| | | | કુલ રૂ. | 94,714.00 |



FOR AMEY INFRASTRUCTURE

PARTNER

સબબ, ઉપરોકત હકીકત ધ્યાનમાં લેતાં નીચે દર્શાવ્યા મુજબની જમીન અંગે, જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૭(ક) હેઠળ નિયમાનુસાર દંડ વસુલ લઈ હુકમમાં જણાવેલ શરતોને આધીન જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૫(અ) હેઠળ કાર્યવાહી થયા બાદ સક્ષમ સત્તાધિકારી દ્વારા મળવાપાત્ર બાંધકામના પ્રમાણિત નકશા મુજબ બિનખેતી હેતુફેર કરવા પરવાનગી આપવા આથી હુકમ કરવામાં આવે છે.

-: મોજે: બાપોદ તાલુકા: વડોદરા શહેર (પૂર્વ) ની જમીન બિનખેતી હેતુફેર કરવાની વિગત :-

| સરવે/બ્લોક નંબર<br>ટી.પી. નંબર<br>એફ.પી. નંબર | જમીનનું ૭/૧૨ મુજબ ક્ષેત્રફળ (ચો.મી.) | અગાઉના હુકમ મુજબ બાંધકામ સહિત બિનખેતી કરવામાં આવેલ જમીનનું ક્ષેત્રફળ (ચો.મી.) | આ હુકમથી બિનખેતી કરવામાં આવેલ જમીનનું ક્ષેત્રફળ (ચો.મી.) |
|---|---|---|---|
| સરવે/બ્લોક નં. : 566/૧<br>જુનો સરવે/બ્લોક નં. : ---<br>ટી.પી. નં. : 43<br>એફ.પી. નં.: 23/1 | 2,125.00 | 1,275.00 | 1,275.00 |

શરતો : -

(૧) આ હુકમ મળ્યેથી બે માસમાં "એમ" નમૂનામાં સનદ પ્રાપ્ત થશે.

(૨) જિલ્લા ઇન્સ્પેકટરશ્રી, જમીન રેકર્ડની કચેરીમાં માપણી ફી જમા કરાવેલ છે. જેથી માપણી કરી / કરાવી આ હુકમ આધારે તેમજ મંજૂર થયેલ પ્લાન મુજબ દુરસ્તી પત્રક તૈયાર કરવાનું / કરાવવાનું રહેશે અને દુરસ્તી પત્રકનો મહેસૂલી દફતરે અમલ થયા બાદ જ પ્રશ્નવાળી બિનખેતીની જમીન / પ્લોટનું રજી. દસ્તાવેજથી થયેલ વેચાણ વ્યવહારના અમલ માટે નોંધ પાડવાની રહેશે.

(૩) અરજદારે પ્રતિ વર્ષે ખેતી સિવાયનો ધારો (વિશેષધારો ) દર પ્રતિ ચો.મી. ના રૂ. 0.60 પ્રમાણે રૂ. 765.00 તેમજ નિયમ પ્રમાણે લોકલ ફંડ તથા શિક્ષણ સેસ ભરવો પડશે જે અંગેનો દર વખતોવખત ફેરફારને પાત્ર રહેશે.

(૪) વડોદરા મહાનગરપાલિકા એ મંજૂર કરેલા પ્લાન મુજબ બાંધકામ કરવાનું રહેશે અને હુકમ થયા તારીખથી ત્રણ વર્ષમાં બાંધકામ પૂર્ણ કરવાનું રહેશે.

(૫) સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ નં. બખપ/૧૦૯૩/૧૦૫૨/ક તા. ૧૩/૦૯/૧૯૯૩ માં ઠરાવ્યા મુજબ સહીયારા / કોમન પ્લોટ અને રસ્તાની જમીન સોસાયટીની માલિકીની અથવા સર્વે પ્લોટ હોલ્ડરની સહીયારી માલિકીની ગણાશે તે ઉપર મુળ માલિકનો કોઇ હકક રહેશે નહિ.

(૬) સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા. ૦૭/૦૮/૧૯૯૧ ના પરિપત્ર નં. બખપ-૧૦૯૧/૧૭૫૬/ક ની જોગવાઇ મુજબ બિન અધિકૃત બાંધકામ બાબતે બાંધકામ નિયંત્રણ કરતી સંબંધિત મહાનગરપાલિકા / શહેરી વિસ્તાર સત્તા મંડળએ ધોરણસરનાં પગલાં લેવાના રહેશે.

(૭) સદર જમીનમાંથી પેટ્રોલીયમ / પાણીની કે અન્ય કોઇપણ પ્રકારની પાઇપલાઇન પસાર થતી હશે તો તે સંદર્ભે વિકાસ પરવાનગી આપનાર ઓથોરિટીએ સંબંધિતોનું ના-વાંધા પ્રમાણપત્ર મેળવી વિકાસ પરવાનગી આપવાની રહેશે.

(૮) સરકારશ્રીનાં મહેસૂલ વિભાગનાં તા. ૦૧/૦૭/૨૦૦૮ ના ઠરાવ નં. બખપ/૧૦૦૬/૪૨૫/ક માં જણાવેલ નીચે મુજબની શરતોનું પાલન કરવાનું રહેશે.

૧. જિલ્લા ઇન્સ્પેકટરશ્રી, જમીન રેકર્ડ દ્વારા ઇસ્યુ કરાયેલ માપણી શીટ કે જેના ઉપર મૂળ ટિપ્પણની હદ પણ દર્શાવેલ હોવી જોઇએ. રજૂ કરાયેલ પ્લાન તથા લે-આઉટ પ્લાન સક્ષમ કક્ષાએ મંજૂર કરાયેલ હોવી જોઇએ.

૨. બાંધકામ શરૂ કરતા પહેલા બાંધકામનાં નકશા સક્ષમ અધિકારી પાસે મંજૂર કરાવવાના રહેશે. પરંતુ અરજદાર બિનખેતી પરવાનગી મેળવ્યા વગર આવા બાંધકામની રજા ચિઠ્ઠી મેળવી શકશે નહિ.

૩. શહેરી વિસ્તાર જયાં ટાઉન પ્લાનિંગ સ્કીમ મંજૂર થઇ ગઇ છે ત્યાં જી.ડી.સી.આર. અને ઝોનિંગના નિયમો અનુસાર બાંધકામ કરવાનું રહેશે.

૪. મંજૂર થયેલ નકશા મુજબ આરોગ્ય અને સ્વાસ્થ્યની દ્રષ્ટિએ ગંદા પાણીનાં નિકાલની જોગવાઇ કરવાની રહેશે.

૫. અરજદારે રિબન ડેવલપમેન્ટ રુલ્સ નીચે જે તે રસ્તાનો પ્રકાર ધ્યાને લઇ રસ્તાના મધ્યબિંદુથી બાંધકામ વચ્ચે અંતર જાળવવાનું રહેશે અન્યથા અરજદારની જવાબદારી થશે.

૬. ફલોર, મિલ, સિનેમા/ ટુરિંગ સિનેમા/ થિયેટર માટે બિનખેતી પરવાનગીના કામે જિલ્લા મેજિસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

૭. પેટ્રોલ, ડીઝલ, કેરોસીન, સી.એન.જી., એલ.પી.જી. પંપ નાંખવા માટે બિનખેતી પરવાનગીના કામે બાંધકામ શરૂ કરતાં પહેલા જિલ્લા મેજિસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.



FOR AMEY INFRASTRUCTURE

PARTNER

૮. ઇન્ડિયન એક્ષપ્લોઝિવ એકટ અન્વયે મેગેનિઝ, ફાયર વર્કસ, દારૂખાના માટે બિનખેતીની કાર્યવાહી કરતા પહેલા જિલ્લા મેજિસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

૯. સવાલવાળી જમીન જો રેલવે હદની નજીક હોય તો રેલવેની હદથી નિયમ મુજબ જગ્યા છોડી બાંધકામ કરવાનું રહેશે.

૧૦. સવાલવાળી જમીન ઉપરથી અથવા બાજુમાંથી વીજળી ગ્રિડના તાર/ હાઇટેન્શન પાવર અગર થાંભલા આવેલ હોય ત્યારે તે અન્વયે લાગુ પડતા નિયમોનું પાલન કરવા અને તે મુજબ બાંધકામ કરવાનું રહેશે.

૧૧. બિનખેતી માંગવામાં આવી હોય તેવી જમીન જો એરોડ્રામ આસપાસ નિયમ મુજબની ત્રિજયામાં આવતી હોય ત્યારે બાંધકામની ઉંચાઇ તથા એરોડ્રામની દ્રષ્ટિએ જરૂરી એવુ ના-વાંધા પ્રમાણપત્ર સિવિલ એવિએશન ખાતા પાસેથી મેળવવાનું રહેશે અને સિવિલ એવિએશન ખાતાના નિયમોનું પાલન કરવાનું રહેશે.

૧૨. ઓ.એન.જી.સી. ના કુવાની નજીકમાં આવેલ જમીનના કિસ્સામાં અરજદારે સંબંધિત નિયમોનું પાલન કરવાનું રહેશે.

૧૩. નર્મદા કેનાલ/ અન્ય સિંચાઇ કેનાલની નજીકમાં આવેલ જમીનની બાબતમાં અરજદારે સૂચિત બાંધકામ માટે જાળવવાના થતાં અંતર અંગેના નિયમોનું પાલન કરવાનું રહેશે.

૧૪. અરજદારે/ જયાં જરૂરી હોય ત્યાં કેન્દ્ર સરકાર કે રાજય સરકારના કાયદા નીચે રક્ષિત સ્મારક (Protected Monuments) તરીકે જાહેર કરેલ પ્રાચીન સ્મારકથી નિયમ મુજબનું અંતર જાળવવાની પ્રવર્તમાન જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૯) **જો આ જમીન પર કોઇ બેંક/ મંડળીનો બોજો બાકી હોય તો, તે ભરપાઇ કર્યા સિવાય આ મિલકત કોઇપણ પ્રકારે વેચાણ, ભેટ, વસિયત, બાનાખત, ગિરો કરી શકાશે નહિ અને કોઇપણ અન્યને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે માલિકી કે કબજો ભોગવટો તબદીલ કરી શકાશે નહિ.**

(૧૦) પ્રશ્નવાળી જમીનમાં નગરપાલિકા/ મહાનગરપાલિકા/ શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા જે શરતોએ પરવાનગી આપવામાં આવશે તે શરતોનું પાલન તથા બાંધકામ કરવાનું રહેશે.

(૧૧) આ જમીનમાં વરસાદી પાણીના ભુગર્ભ વહન/ સંચય માટે દર મકાન/ બહુમાળી મકાન દીઠ એકના દરે આ જમીનમાં ઉપર પરકોલેટીંગ બોરવેલની વ્યવસ્થા અચુક કરવાની રહેશે તથા વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા કરીને બાંધકામ કરવાનું રહેશે.

(૧૨) ઉપરની કોઇપણ શરતનો ભંગ થયેથી જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૭ મુજબ શિક્ષાત્મક પગલા લેવામાં આવશે તેમજ બીજી કોઇપણ શિક્ષાને પાત્ર હશે તો તેને બાધ આણ્યા સિવાય કે જે ફરમાવવાનું યોગ્ય લાગે તે પ્રમાણે દંડ અથવા આકાર લઇ સદરહુ જમીનનો કબજો કબજેદાર પાસે ચાલુ રહેવા દઇ શકાશે.

(૧૩) ઉપરોકત શરતોમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કલેકટરશ્રી સદરહુ હુકમ વિરૂધ્ધ બાંધેલા અથવા વધારાના કોઇપણ મકાન અથવા ઇમલાને કલેકટરશ્રીએ, આ અર્થે જે મુદત ઠરાવી હોય તે મુદત દરમિયાન તેવી રીતે ખસેડવામાં ન આવે કે સૂચવ્યા મુજબ ફેરફાર ન કરવામાં આવે તો તેમ કરવામાં જે ખર્ચ થાય તે કબજેદાર પાસેથી જમીન મહેસૂલની બાકી તરીકે વસુલ કરવાને મુખત્યાર છે.

(૧૪) મંજૂરી હેઠળની જમીન પરત્વે અલગ અલગ હિસ્સા (સબ પ્લોટ) ના કિસ્સામાં સંબંધિત ડી.ઇ.લે.રે. કચેરીમાં માપણી ફી અલગ અલગ ભરપાઇ કરવાની રહેશે.

FOR AMEY INFRASTRUCTURE

પ્રુ(ગ)

PARTNER

(૧૫) સવાલવાળી જમીન સંબંધે ભવિષ્યમાં તૈયાર થનાર વિકાસ યોજના અને નગર રચના યોજના સંબંધે સરકારશ્રી / સત્તામંડળ/ નગર રચના અધિકારીશ્રી દ્વારા જે કોઈ દરખાસ્ત આખરી કરવામાં આવે તો તે અરજદારશ્રી / જમીન માલિક / મિલકતધારકોને બંધનકર્તા રહેશે.

૧૭. મહેસુલ વિભાગના પરીપત્ર ક્રમાંક બખપ/૧૦૨૦૧૮/૩૨૭/ક તા.૦૮/૦૫/૨૦૧૮ ની સુચના મુજબ શહેરી વિકાસ વિભાગથી લાગુ પડતા સક્ષમ સત્તાધિકારીશ્રીઓ જમીનના ઉપયોગ પ્રમાણે પ્લાન રજુ થતા જે તે વિસ્તારના અમલી નિયમો પ્રમાણે નિર્ણય કરશે અને ભવિષ્યમાં જ્યારે મંજુર થયેલ પ્લાન વિરુધ્ધ કોઈપણ બાંધકામ થાય અથવા તો કોઈપણ રીતે મંજુરીનુ ઉલ્લંઘન થાય તો નિયમોનુસારની કાર્યવાહી સક્ષમ સત્તાધિકારી કરશે.

૧૮. ભારતીય વાયુસેનાના હવાઈમથક તથા ઇન્સ્ટોલેશનથી બાંધકામ કરવાની મર્યાદા ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય દ્વારા જાહેરનામાથી વખતો વખત બહાર પાડવામાં આવે તેટલી ત્રિજ્યા બહાર બાંધકામ કરવાનુ રહેશે.

૧૯. સવાલવાળી જમીન જો જેલથી નજીક હોય તો ૧૮૪ મીટર છોડીને બાંધકામ કરવાનુ રહેશે.

૨૦. જો અગાઉ કોઇ ચોકકસ હેતુ માટે પ્રિમીયમ ભરપાઇ થયેલ હોય અને અન્ય હેતુ માટે વિકાસ પરવાનગી માંગેલ હોય / નકશા મંજુર કરવાના થતા હોય તો વિકાસ પરવાનગી આપતાં પહેલાં પ્રિમીયમ તફાવત ભરાયાની સંબંધિત સત્તામંડળે ખાતરી કરવાની રહેશે અને ત્યારબાદ જ વિકાસ પરવાનગી આપવાની રહેશે.

૨૧. જી.ડી.સી.આર મુજબ જે તે હેતુ / ઉપયોગ માટે પરવાનગી મળવાપાત્ર નહી હોય તો તે ઉપયોગ કરી શકાશે નહી.

૨૨. ખેતી ઝોનમાં જીડીસીઆર મુજબ જેટલું બાંધકામ મળવાપાત્ર હશે તેટલા જ ક્ષેત્રફળ માટે વિકાસ પરવાનગી આપવાની રહેશે.

૨૩. બિનખેતી પરવાનગી મળ્યા બાદ જો ખાસ મંજુરી વિના ધાર્મિક ઉપયોગ માટે બાંધકામ કરેલ હશે તો તે શરતભંગ ગણાશે અને તે બાંધકામ દુર કરવાપાત્ર થશે.

૨૪. સવાલવાળી જમીનનો ટી.પી.સ્કીમમાં સમાવેશ થયેલ હોઇ ટી.પી.સ્કીમના પુનવહેચણીપત્રક મુજબ અમલ કરવાનો રહેશે.

૨૫. સવાલવાળી જમીનમાં ટી.પી. કપાતની જમીનમાં અરજદાર નો કોઇ માલીકી હકક રહેશે નહી તથા તેમાં કોઇ તબદીલી કરી શકશે નહી .

૨૬. મે.કલેકટર સાહેબ વડોદરાના હુકમ નં.રીવી.એનએ./એસ.આર./૧૪૮/૨૦૧૭-૧૮ નં.જમીન-ડી/કલમ-૬૫/વશી/૫૨૦૭ થી ૧૫/૧૮ તા.૩૧/૦૮/૨૦૧૮ થી મોજે બાપોદ તા.જી. વડોદરા ના સ.નં.૫૬૬/૧, ટી.પી.નં. ૪૩, ફા.પ્લોટ નં. ૨૩/૧ ની ક્ષે. ૧૨૭૫ ચો.મી. જમીનના બિનખેતી હુકમની ૧ થી ૩૧ શરતોનો અમલ કરવાનો રહેશે.

વધુમાં ઉપર્યુક્ત શરતોને આધિન અરજદાર દ્વારા રજુ થયેલ સોગંદનામાની વિગતોમાં તેઓ દ્વારા જાહેર કરેલી હકીકતોને આધારે સવાલવાળી જમીનના બિનખેતી ઉપયોગ માટે પરવાનગી આપવામાં આવે છે. તદઅનુસાર સબંધિત મામલતદારશ્રીએ આ હુકમની ગામના તથા તાલુકાના સંબંધિત રેકર્ડમાં નોંધ રાખી પ્રતિ વર્ષ વિશેષધારો તથા અન્ય ઉપકર વસુલ કરવાના રહેશે.

કલેકટર વડોદરા

( શાલિની અગ્રવાલ )
કલેકટર, વડોદરા

<u>આર.પી.એ.ડી.</u>
પ્રતિ,
રાજુભાઇ ભવનભાઇ ભરવાડ
બાપોદ ગામ
તલાટી ઓફીસ પાસે
વડોદરા-390019

FOR AMEY INFRASTRUCTURE
PARTNER

નકલ રવાના:-
૧. નાયબ કલેકટરશ્રી, વડોદરા (શહેર) પ્રાંત, જિ. વડોદરા તરફ.
૨. મામલતદારશ્રી તા. વડોદરા શહેર (પૂર્વ) જિ. વડોદરા તરફ.
૩. જિલ્લા ઈન્સ્પેકટરશ્રી જમીન રેકર્ડ વડોદરા તરફ.
૪. તલાટીશ્રી બાપોદ તા. વડોદરા શહેર (પૂર્વ) જિ. વડોદરા તરફ.

* આ હુકમની ઇ-ધરા કેન્દ્ર, વડોદરા શહેર (પુર્વ) માં નોંધ નંબર 9938 થી મોજે.- બાપોદ તા.- વડોદરા શહેર (પુર્વ) જિ.- વડોદરા માં નોંધ થયેલ છે.

વડોદરા

FOR AMEY INFRASTRUCTURE

PARTNER

ક્ર.પ/એનએ./એસ.આર./૧૪૬/૨૦૧૭-૧૮
નં.જમીન-ડી/કલમ-૬૫/વશી/૫૨૦૭થી૧૫/૧૮
બીનખેતી શાખા, કલેક્ટર કચેરી, વડોદરા.
તારીખ: ૩૧ /૦૮/૨૦૧૮

વંચાણમાં લીધા :-

(૧) અરજદારશ્રી ઝાલા નરેશસિંહ ઝાલા રહે. ૧૦૩,વિજય સોસાયટી વિભાગ- ૨, આર.વી.દેસાઈ રોડ, વડોદરા.ની તા.૧૬/૦૮/૨૦૧૬ ની અરજી,તા.૧૩/૧૦/૧૭ તથા છેવટની તા.૧૭/૦૨/૨૦૧૮ ની પુનઃ વિચારણા અરજી
(૨) મામલતદારશ્રી, વડોદરા શહેર (પુર્વ) ના પત્ર નં.જમીન/વશી/૫૭૩/૨૦૧૬ તા.૧૭/૦૯/૨૦૧૬ તથા નં જમીન/વશી/૧૨૧/૧૮ તા.૮/૨/૧૮ થી રજુ થયેલ દરખાસ્ત / અભિપ્રાય
(૩) નાયબ કલેક્ટરશ્રી, જમીન સુધારણા, વડોદરાના પત્ર નં. ટેનન્સી/એન.એ/ એસ.આર -૯૭/વશી/૮૮૬/૨૦૧૭ તા : ૩૧/૦૫/૨૦૧૭ થી રજુ થયેલ અભિપ્રાય.
(૪) જુનિયર નગર નિયોજકશ્રી, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરાના પત્ર નં. યુડીએ / પ્લાન-૨/ અ /૧૨૧૮/૨૦૧૮ તા.૧૧/૦૭/૨૦૧૮ તથા (૨) સહાયક નગરનિયોજકશ્રી,વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ,વડોદરાના પત્ર નં. યુડીએ/પ્લાન -૨/અ/૧૪૩૪/૨૦૧૬ તા : ૨૯/૦૮/૨૦૧૬.
(૫) જમીન સંપાદન અધિકારીશ્રીઓ (૧) નાયબ કલેક્ટરશ્રી વડોદરા શહેર ના પત્ર નં.જમીન /વશી / ૫૦૧૬/૨૦૧૬ તા : ૩૧/૦૮/૨૦૧૬ (૨) નાયબ કલેક્ટર અને ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી એકમ-૧, વડોદરાના પત્ર નં.જસં/ વળતર/ વશી/૧૦૨૮/૨૦૧૬ તા.૦૩/૧૦/૨૦૧૬ (૩) ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, નર્મદા યોજના વડોદરાના પત્ર નં.જસ/ નં.યો./ વડોદરા/ વશી/ એસઆર/૧૦૧૩/૨૦૧૬ તા.૨૪/૦૮/૨૦૧૬ થી રજુ થયેલ અભિપ્રાયો.
(૬) નગર રચના અધિકારીશ્રી,એકમ -૩,વડોદરાના પત્રનં. નરયો/બાપોદ-૪૩/ મુ.ખં.નં. ૨૯/૧,૨૩/૧/ એકમ -૩/૧૦૧૦ તા : ૧૩/૧૦/૨૦૧૬.
(૭) જિલ્લા તિજોરી અધિકારીશ્રી,વડોદરાના પત્ર નં. તજર/બુક/વડો/૧૧૬૫/વશી/૨૦૧ /૧૫૯૧ તા : ૧૫/૦૫/૨૦૧૮ તથા જિલ્લા તિજોરી અધિકારીશ્રી,વડોદરા ના . તજર/બુક/ વડો/ ૧૧૬૫/ વશી/૨૦૧૮/૧૬૧૭ તા : ૧૬/૦૫/૨૦૧૮
(૮) જીલ્લા વિકાસ અધિકારીશ્રી વડોદરાના અ.સ.પત્ર નં.જિ.પં./મહેસુલ/૩૫/૧૭ તા.૧૯/૦૧/૧૭ ફક્ત વુડા વિસ્તારના ગામોમાં વિ.ધારા ઉપર રૂા.૩/- લોકલફંડ શેષ લાગુ કરવા બાબત
(૯) સરકારશ્રીના મહેસુલ વિભાગનો ઠરાવ ક્રમાંક : બખપ/૧૦૦૬/૪૨૫/ક, તા.૦૧/૦૭/૨૦૦૮
(૧૦) સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક બખપ/૧૦૨૦૧૬/૧૧૬૬/ક/પાર્ટ-૨, તા.૦૨/૦૯/૨૦૧૬

હુકમ :-

અરજદારશ્રી ઝાલા નરેશસિંહ ઝાલા વિ રહે. ૧૦૩,વિજય સોસાયટી વિભાગ- ૨, આર.વી.દેસાઈ રોડ, વડોદરા.ના એ મોજે : બાપોદ તા. જી.વડોદરાના સ.નં.૫૬૬/૧,ફા.પ્લોટ નં.૨૩/૧,ટી.પી.નં. ૪૩ ની ક્ષેત્રફળ ૧૨૭૫ ચો.મી. જમીનની રહેણાંક ના હેતુ સર બીનખેતીનો ઉપયોગ કરવા વંચાણ-૧ માં દર્શાવેલ અરજીથી માંગણી કરેલ છે.

મામલતદારશ્રી, વડોદરા શહેર(પુર્વ) એ વંચાણ-૨ ના પત્રથી અહેવાલ ચેકલીસ્ટ રજુ કરેલ છે. તેમજ સવાલવાળી જમીન વાળી જુની શરતની જમીન રહેણાંકના હેતુ માટે બિનખેતીની પરવાનગી મળવા બાબતની અરજદારની માંગણી અંગે સવાલવાળી જમીનની રૂપાંતર કરની રકમ રૂા. ૧૨,૭૫૦/- વસુલ લઈ અરજદારને રહેણાંકના હેતુ માટે સવાલવાળી જમીનની જમીન મહેસુલ અધિનિયમની કલમ - ૬૫ હેઠળ બીનખેતીની પરવાનગી આપવા અભિપ્રાય છે. તેમ જણાવેલ છે.

નાયબ કલેક્ટરશ્રી, જમીન સુધારણા, વડોદરાએ વંચાણ-૩ થી " મામલતદાર અને કૃષિપંચશ્રી,વડોદરા શહેરનો હકારાત્મક અભિપ્રાય ધ્યાને લેતાં અરજદારશ્રીની માંગણી મુજબની



FOR AMEY INFRASTRUCTURE
PARTNER

બીનખેતીની પરવાનગી આપવાનાં કામે ગણોતકાયદા અન્વયે હરકત સરખું નથી.જે વિદિત થવા વિનંતી છે." તેમ જણાવેલ છે.

વડોદરા શહેરી વિકાસ સતા મંડળ, વડોદરાએ વંચાણ-૪ થી સવાલવાળી જમીન સરકારશ્રી ધ્વારા મંજુર અને હાલ અમલી દ્વિ.પુ.વિ. યોજના વિકાસ યોજના મુજબ જમીન પ્રતિબંધિત રહેણાંક ઝોનમાં આવે છે. આથી "વુડા" ના મંજુર અને અમલી સામાન્ય વિકાસ નિયંત્રણ વિનિયમોના "ઝોનીગ રેગ્યુલેશન" મુજબ સવાલવાળી જમીનની રહેણાંક હેતુ ના માટે બિનખેતીની પરવાનગી આપવામાં આવે તો ઝોનની દ્રષ્ટિએ વાંધા સરખું નથી. વધુમાં સવાલવાળી જમીનનો સમાવેશ વડોદરા મહાનગર સેવા સદન વિસ્તારમાં સમાવિષ્ટ નગર રચના યોજનામાં થતો હોઈ વડોદરા મહાનગર સેવા સદનનો અભિપ્રાય મેળવવાનો રહેશે. જે જાણ થવા વિનંતી છે.

વડોદરા શહેરી વિકાસ સતા મંડળ,વડોદરાએ વંચાણ-૪ ના સંદર્ભ-૨ થી સવાલવાળી જમીન મોજે બાપોદ તા.જી.વડોદરાના રે.સ.નં. ૫૬૬ વાળી જમીન સરકારશ્રી ધ્વારા મંજુર અને હાલ અમલી સામાન્ય વિકાસ નિયંત્રણ વિનિયમોના " ઝોનીગ રેગ્યુલેશન" મુજબ સવાલવાળી જમીનની રહેણાંક હેતુ ના ખુલ્લા પ્લોટ માટે બીનખેતીની પરવાનગી આપવામાં આવે તો ઝોનની દ્રષ્ટિએ વાંધા સરખું નથી. વધુમાં સવાલવાળી જમીનનો સમાવેશ વડોદરા મહાનગર સેવા સદન વિસ્તારમાં સમાવિષ્ટ નગર રચના યોજનામાં થતો હોઈ વડોદરા મહાનગર સેવા સદનનો અભિપ્રાય મેળવવાનો રહેશે. તેમ જણાવેલ છે.

સંપાદન અધિકારીશ્રીઓના વંચાણ-૫ ના પત્રોથી સવાલવાળી જમીન અંગે તેઓની કચેરીમાં સંપાદનની કોઈ કાર્યવાહી ચાલુમાં નથી, તેમ જણાવેલ છે.

નગર રચના અધિકારીશ્રી,એકમ -૩,વડોદરા વંચાણ-૬ ના પત્રથી સંવાલવાળી જમીન સરકારશ્રી ધ્વારા મંજુર થયેલ મુસદારૂપ નગર રચના યોજના નં. ૪૩ (બાપોદ) માં સમાવેશ થતા સર્વે નંબર ૫૭૨/૨ અને ૫૬૬/૧ ને અનુક્રમે મુળખંડ નં. ૨૯/૨ અને ૨૩/૧ ની સામે સંયુકત રીતે અંતિમખંડ નંબર : ૨૯/૨ +૨૩/૧ ફાળવવામાં આવેલ છે. જેની દરખાસ્ત નીચે મુજબ દર્શાવેલ છે.

| રે.સ.નં | મુળખંડ નંબર(ઓરીજીનલ પ્લોટ નંબર) | મુળખંડનું ક્ષેત્રફળ ચો.મી.માં | અંતિમખંડ નંબર (ફાઈનલ પ્લોટ નંબર) | અંતિમખંડનું ક્ષેત્રફળ ચો.મી.માં |
|---|---|---|---|---|
| ૫૭૨/૨ | ૨૯/૨ | ૧૪૩૦ | ૨૯/૨ + ૨૩/૧ | ૨૧૩૩ |
| ૫૬૬/૧ | ૨૩/૧ | ૨૧૨૫ | | |
| | | ૩૫૫૫ | | |

હાલે સદરહું મુસદારૂપ નગર રચના યોજનાને આખરી કરવા સારૂ અત્રેની કચેરીને સોંપેલ હોઈ તેને આખરી કરવાની કામગીરી જારીમાં છે. જેથી તેને આખરી કરતી વખતે નગર રચના અધિકારી ધ્વારા જે કોઈ ફેરફાર કરવામાં આવે તે અરજદારશ્રી બંધનકર્તા રહે છે. સદર વિગતોએ બિનખેતી પરવાનગી અંગે વડોદરા મહાનગર સેવા સદન ધ્વારા સદર હેતુ માટે વિકાસ યોજનાની દરખાસ્ત મુજબ વાંધા અરજી છે કે કેમ ? તે બાબતે અભિપ્રાય મેળવી આપવામાં આવે તો અત્રેની કચેરીને વાંધા સરખું નથી.

જીલ્લા વિકાસ અધિકારીશ્રી, વડોદરાના વંચાણ-૭ અન્વયે વડોદરા જીલ્લા પંચાયતમાં સમાવિષ્ટ વુડા સહિતના તમામ ગામોમાં ખેતી / બિનખેતીની તમામ જમીનો ઉપર વિશેષધારાના રૂા.૩-૦૦ પૈ. પ્રમાણે લોકલફંડ શેષની રકમ વસુલ કરવાની રહે છે. જેથી વડોદરા શહેરી વિકાસ સત્તા મંડળ (વુડા) માં સમાવિષ્ટ થયેલા ગામોની જમીન બિનખેતી કરવાના પ્રસંગે બિનખેતી વિ.ધારાની રકમના ૩ (ત્રણ) ગણી રકમ લોકલફંડ શેષ તરીકે લેવાની રહે છે.

ઉપરોક્ત હકીકતે રજુ થયેલ અહેવાલ-અભિપ્રાય નજરે વંચાણમાં દર્શાવેલ સરકારશ્રીના ઠરાવની જોગવાઈઓ તથા ઉક્ત રજુ થયેલ અભિપ્રાયો ધ્યાને લઈ, અરજદારશ્રીની માંગણી મુજબ સવાલવાળી જમીનને બીનખેતીમાં ફેરવવા અંગેની માંગણી ગ્રાહય રાખતાં, અરજદારશ્રી ને



FOR AMEY INFRASTRUCTURE

PARTNER

સદરહું જમીનના રૂપાંતરકરની રકમ, બીનખેતીની માપણી ફી તથા અન્ય ઉપકરો સરકારશ્રીમાં જમા કરાવવા જણાવતાં, અરજદારશ્રીએ રૂપાંતરકરની રકમ રૂા.૧૨,૭૫૦/– (અંકે રૂપિયા બાર હજાર સાત સો પંચાસ પુરા) તા.૦૫/૦૫/૨૦૧૮ ના રોજ તથા બીનખેતી માપણી ફી રૂા.૧૫૦૦/– (અંકે રૂપિયા એક હજાર પાંચ સો પુરા) તા.૦૫/૦૫/૨૦૧૮ તેમજ વિશેષધારો + લોકલ ફંડ રૂા.૧૪૩૭/– (અંકે રૂપિયા એક હજાર ચાર સો સાડત્રીસ પુરા) તા.૦૫/૦૫/૨૦૧૮ ના રોજ તથા શિક્ષણ ઉપકર રૂા.૨૪૦/– (અંકે રૂપિયા બ સો ચાલીસ પુરા) તા.૦૫/૦૫/૨૦૧૮ ના રોજ તલાટીશ્રી,બાપોદ દ્વારા સરકારશ્રીમાં વસુલ લેવાયેલ છે, તેની અસલ ચલન / પહોંચો રજુ કરેલ છે.

**સબબ ઉપરોક્ત હકીકતે મુંબઈ જમીન મહેસુલ કાયદાની કલમ–૬૫ અન્વયે સવાલવાળી મોજે : બાપોદ તા. જી.વડોદરાના સ.નં.૫૬૬/૧,ફા.પ્લોટ નં.૨૩/૧,ટી.પી.નં. ૪૩ ની ક્ષેત્રફળ ૧૨૭૫ ચો.મી. જમીનની રહેણાંક ના હેતુ માટે બીનખેતીનો ઉપયોગ કરવા, નીચેની શરતોને આધીન પરવાનગી આપવામાં આવે છે.**

<u>શરતો :–</u>

(૧) ડીસ્ટ્રીકટ ઈન્સ્પેકટર ઓફ લેન્ડ રેકર્ડસ ધ્વારા ઈસ્યુ કરાયેલ માપણી શીટ કે જેના ઉપર મૂળ ટિપ્પણની હદ પણ દર્શાવેલ હોવી જોઈએ. રજૂ કરાયેલ પ્લાન તથા લે–આઉટ પ્લાન સક્ષમ કક્ષાએ મંજૂર કરાવેલ હોવો જોઈશે.

(૨) બાંધકામ શરૂ કરતાં પહેલા બાંધકામના નકશા સક્ષમ અધિકારી પાસે મંજૂર કરાવવાના રહેશે,પરંતુ અરજદાર બિનખેતી પરવાનગી મેળવ્યા વગર આવા બાંધકામની રજા ચીઠ્ઠી મેળવી શકશે નહી.

(૩) શહેરી વિસ્તાર જયાં ટાઉન પ્લાનીગ સ્કીમ મંજૂર થઈ ગઈ છે ત્યાં જી.ડી.સી. આર. અને ઝોનીગના નિયમો અનુસાર બાંધકામ કરવાનું રહેશે.

(૪) મંજૂર થયેલ નકશા મુજબ આરોગ્ય અંને સ્વાસ્થ્યની દ્રષ્ટિએ ગંદા પાણીના નિકાલની જોગવાઈ કરવાની રહેશે.

(૫) અરજદારે રીબન ડેવલપમેન્ટ રૂલ્સ નીચે જે તે રસ્તાનો પ્રકાર ધ્યાને લઈ રસ્તાના મધ્યબિંદુથી બાંધકામ વચ્ચે અંતર જાળવવાનું રહેશે અન્યથા અરજદારની જવાબદારી થશે.

(૬) ઔદ્યોગિક હેતુ માટે મંજૂરી માંગેલ હોય તો બાંધકામ કરતાં પહેલા જિલ્લા ઉદ્યોગ અધિકારીશ્રીની જરૂરી મંજૂરી મેળવ્યા બાદ જ આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૭) સવાલવાળી જમીન જો જેલથી નજીક હોય તો ૧૮૪ મીટરનું અંતર છોડી બાંધકામ કરવાનું રહેશે.

(૮) સવાલવાળી જમીન જો રેલ્વે હદની નજીક હોય તો રેલ્વેની હદથી ૩૦ મીટર જગ્યા છોડી બાંધકામ કરવાનું રહેશે.

(૯) સવાલવાળી જમીન ઉપરથી અથવા બાજુમાંથી વિજળી ગ્રીડના તાર/ હાઈટેન્શન પાવર અગર થાંભલા આવેલ હોય ત્યારે તે અન્વયે લાગુ પડતા નિયમોનું પાલન કરવાનું અને તે મુજબ બાંધકામ કરવાનું રહેશે.

(૧૦) બિનખેતી માંગવામાં આવી હોય તેવી જમીન જો એરોડ્રામ આસપાસના ૨૦ કી.મી.ની ત્રિજયામાં આવતી હોય ત્યારે બાંધકામની ઉંચાઈ તથા એરોડ્રામની દ્રષ્ટિએ જરૂરી એવું 'ના વાંધા પ્રમાણપત્ર' સીવીલ એવીએશન ખાતા પાસેથી મેળવવાનું રહેશે અને સીવીલ એવીએશન ખાતાના નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૧૧) ભારતીય વાયુસેનાના હવાઈ મથક તથા ઈન્સ્ટોલેશનથી બાંધકામ કરવાની મર્યાદા ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય દ્વારા જાહેરનામાથી વખતોવખત બહાર પાડવામાં આવે તેટલી ત્રિજયા બહાર બાંધકામ કરવાનું રહેશે.

FOR AMEY INFRASTRUCTURE

PARTNER

(૧૨) ઓ.એન.જી.સી.ના કુવા નજીકમાં આવેલ જમીનના કિસ્સામાં અરજદારે સંબંધિત નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૧૩) નર્મદા કેનાલ/અન્ય સિંચાઈ કેનાલની નજીકમાં આવેલ જમીનની બાબતમાં અરજદારે સૂચિત બાંધકામ માટે જાળવવાના થતાં અંતર અંગેના નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૧૪) અરજદારે/જયાં જરૂરી હોય ત્યાં કેન્દ્ર સરકાર કે રાજય સરકારના કાયદા નીચે રક્ષિત સ્મારક (PROTECTED MONUMENTS) તરીકે જાહેર કરેલ પ્રાચીન સ્મારકથી ૧૦૦ મીટર સુધીનું અંતર જાળવવાની પ્રવર્તમાન જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૧૫) અરજદારે/જયાં જરૂરી હોય ત્યાં ભારતીય વન અધિનિયમ હેઠળ અનામત વન જમીન કે રક્ષિત વન તરીકે જાહેર કરેલ વન/જમીનથી જાળવવાના થતાં અંતર બાબતની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૧૬) અરજદારે/જયાં જરૂરી હોય ત્યાં વન્ય જીવન સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ અન્વયે અભ્યારણ્ય અથવા રાષ્ટ્રીય ઉપવન તરીકે જાહેર કરેલ કોઈપણ વિસ્તારની હદથી જાળવવાના થતાં અંતર બાબતની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

અરજદારે ઉપરોક્ત સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જો તેમાં નિષ્ફળ જશે તો, શરતભંગ ગણી સક્ષમ અધિકારી કાયદેસરની કાર્યવાહી કરશે.

વધુમાં અરજદારશ્રીએ નીચેની શરતોનું પણ પાલન કરવાનું રહેશે.

(૧૭) બાંધકામ શરૂ કર્યા તારીખથી એક માસમાં અને બાંધકામ પુરૂ કર્યા તારીખથી એક માસમાં એમ બન્ને પ્રસંગોએ અત્રે લેખિતમાં જાણ કરવી પડશે.

(૧૮) આ જમીન ઉપરનું મંજુર થયા પ્રમાણે બાંધકામ આ હુકમ થયા તારીખથી છ માસમાં શરૂ કરી ત્રણ વર્ષમાં પુરૂ કરવાનું રહેશે. તેમ કરવામાં ચુક થયે કલમ–૬૭ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે અને વસુલ ભરેલો વિ.ધારો વિગેરે કોઈપણ સંજોગોમાં પરત મેળવવાનો હકક રહેશે નહિં.આ અંગે અપીલનો સમય પૂરા થયા બાદ કોઈ હકક રહેશે નહિં.

(૧૯) રજાચિઠ્ઠિ,લેઆઉટ પ્લાન વિરુધ્ધ બાંધકામ થયાનાં પ્રસંગે કલેકટરશ્રી હુકમ કરે તે સમયમાં દૂર કરવાનું રહેશે. અને તે વિરુધ્ધ વર્તન થયાનાં પ્રસંગે કબજેદારને ખર્ચે બાંધકામ દુર કરાવવામાં આવશે અને ખર્ચ જમીન મહેસુલ બાકી રાહે વસુલ કરવાપાત્ર થશે. કલેકટરશ્રી ઠરાવે તે દંડ ભરવો પડશે.

(૨૦) હુકમ થયા તારીખથી છ માસની અંદર કબજેદારે જમીન મહેસુલ કાયદામાં જણાવ્યા મુજબ નમુના "એમ" માં સનદ ભરી આપવાની રહેશે. તે વિરુધ્ધ વર્તન થયાનાં પ્રસંગે કલેકટરશ્રી ઠરાવે તે દંડ ભરવાનો રહેશે.ઉકત સનદ અપીલનો સમય પુરો થયા બાદ ભરી આપવાની રહેશે.

(૨૧) જે હેતુનું બાંધકામ પુરૂ થયેથી એક માસની અંદર તેની જાણ પરવાનગી આપનાર અધિકારીને કબજેદારે કરવાની રહેશે.

(૨૨) આ જમીનની જે હેતુ માટે પરવાનગી આપી છે તે હેતુ સિવાય અન્ય હેતુ માટે ઉપયોગ કરતાં પહેલાં કલેકટરશ્રીની પરવાનગી લેવાની રહેશે. તે વિરૂધ્ધ વર્તન થયાના પ્રસંગે લે.રે.કોડની કલમ–૬૭ મુજબ પગલાં લેવામાં આવશે.

(૨૩) " વરસાદી પાણીના ભૂર્ગભ વહન/સંચય માટે દર મકાન /બહુમાળી મકાન (નકશા મંજૂર કરવાની સત્તા ધરાવતા સત્તાતંત્રએ આપેલ મંજૂરી મુજબ) દીઠ એકના દરે પરકોલેટીંગ બોરની વ્યવસ્થા અચૂક કરવાની રહેશે. "

(૨૪) જમીન ધારકશ્રીએ સક્ષમ સત્તાધિકારીશ્રી તરફથી મંજુર થયેલ સુચિત નકશા અને રજાચિઠ્ઠી મુજબ બાંધકામ કરવાનું રહેશે.તેમજ રજાચિઠ્ઠી / વિકાસ પરવાનગીમાં

FOR AMEY INFRASTRUCTURE

PARTNER

જણાવેલ શરતોનું પાલન કરવાનું રહેશે તેમજ મંજુર થયેલ રજાચિઠ્ઠી તથા નકશાની નકલ દિન–૩૦ માં રજુ કરવાની રહેશે.

(૨૫) બાંધકામ પરવાનગી સબંધી લે–આઉટ પ્લાન મંજુર કરાવતી વખતે વુડાએ કરેલા જી.ડી.સી.આરના નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૨૬) વુડાના જી.ડી.સી.આરના ઝોનીગ રેગ્યુલેશન મુજબ બાંધકામની પરવાનગી મેળવ્યા બાદ જ અરજદારે બાંધકામ શરૂ કરવાનું રહેશે.

(૨૭) આ જમીનનો વિશેષધારો, લોકલ ફંડ તથા શિક્ષણ ઉપકર પ્રવર્તમાન દરે હુકમની તારીખના મહેસુલી વર્ષથી આ સાથે સામેલ પત્રક મુજબનો ભરવાનો રહેશે.

(૨૮) સવાલવાળી જમીન અંગે અરજદારશ્રીએ રજુ કરેલ સુચિત લે–આઉટ પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે રસ્તા પૈકીની જમીન, કોમન પ્લોટની જમીન અને સહીયારા ઉપયોગ માટે ખુલ્લી રાખેલ જમીનનું કોઈપણ રીતે વેચાણ થઈ શકશે નહી.

(૨૯) ઉપરની કોઈપણ શરત અગર સનદમાં જણાવેલી શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થયા પ્રસંગે જમીન મહેસુલ કાયદામાં જણાવેલી શિક્ષાને કબજેદાર પાત્ર અને તેનો બાધ લીધા સિવાય કલેકટરશ્રી જે પગલાં લેશે તે કબજેદારને બંધનકર્તા રહેશે.

(૩૦) મહેસુલ વિભાગના પરીપત્ર ક્રમાંક : બખપ/૧૦૨૦૧૮/૩૨૭/ક તા : ૦૮/૦૫/૨૦૧૮ સુચના મુજબ શહેરી વિકાસ વિભાગના લાગુ પડતા સક્ષમ સતાધિકારીશ્રીઓ જમીનના ઉપયોગ પ્રમાણે પ્લાન રજુ થતાં જે તે વિસ્તારના અમલી નિયમો પ્રમાણે નિર્ણય કરશે અને ભવિષ્યમાં જ્યારે મંજુર થયેલ પ્લાન વિરૂધ્ધ કોઈપણ બાંધકામ થાય અથવા તો કોઈપણ રીતે મંજુરીનું ઉલ્લંઘન થાય તો નિયમોનુસારની કાર્યવાહી સક્ષમ સતાધિકારી કરશે.

(૩૧) આ હુકમમાં અગર સનદમાં કોઈ કારકુનની અથવા ગણતરીની ભુલો હશે તો તેમાં સુધારો થઈ શકશે / સુધારાપાત્ર રહેશે તથા આ સુધારો અરજદારને બંધનકર્તા રહેશે.

રવાના કર્યુ
મામલતદાર(બિનખેતી)
કલેકટર કચેરી,વડોદરા

કલેક્ટર વડોદરા

સહી/–
(શાલિની અગ્રવાલ)
કલેકટર વડોદરા

પ્રતિ,
ઝાલા નરેશસિંહ હરીસિંહ
રહે. ૧૦૩,વિજય સોસાયટી વિભાગ– ૨,
આર.વી.દેસાઈ રોડ, વડોદરા

નકલ રવાના :–

૧. મામલતદારશ્રી, વડોદરા શહેર (પુર્વ) તરફ હુકમની શરતોનો નોંધમાં ઉલ્લેખ કરી નોંધ પાડવા તથા નોંધ, ૭/૧૨ ની નકલ સહ જાણ કરવા સારૂ.
૨. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા મહાનગર સેવાસદન, ખંડેરાવ માર્કેટ, વડોદરા તરફ જાણ સારૂ.
૩. જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર / સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટશ્રી નં.૧, ૨, ૩, ૪ વડોદરા તરફ...
૪. તલાટી કમ મંત્રીશ્રી ,બાપોદ તા. જી.વડોદરા તરફ હુકમ મુજબ અમલવારી કરવા સારૂ
૫. જન સેવા કેન્દ્ર, કલેકટર કચેરી, વડોદરા તરફ જરૂરી કાર્યવાહી કરવા સારૂ.

(FMPS NO. 298390,BR.NO.16716)



FOR AMEY INFRASTRUCTURE

PARTNER

૬. રેકર્ડ શાખા
૭. સર્કલ ઓફિસરશ્રી, બીનખેતી શાખા ,વડોદરા તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી કરવા સારૂ.
૮. સિલેક્ટ ફાઈલ.
૯. અધિક ચીટનીશ શાખાનો તરફ જાણ સારૂ.

FOR AMEY INFRASTRUCTURE

PARTNER

મોજે : બાપોદ તા. જી.વડોદરાના સ.નં.૫૬૬/૧,ફા.પ્લોટ નં.૨૩/૧,ટી.પી.નં. ૪૩ ની ક્ષેત્રફળ ૧૨૭૫ ચો.મી. જમીનની રહેણાંક (ખુલ્લા પ્લોટ) ના હેત ના હેતુ માટે બીનખેતીની પરવાનગી અનુસાર વસુલ કરવાના રૂપાંતરકર, વિશેષધારો, લોકલ ફંડ, શિક્ષણઉપકરની વિગત દર્શાવતું પત્રક

| બીનખેતીની પરવાનગી માંગેલ જમીનનો સ.નં.. ક્ષેત્રફળ તથા કબજેદારનું નામ | બીનખેતીની પરવાનગી આપેલ જમીનનું ક્ષેત્રફળ તથા હેતુ | ઠરાવેલ વિશેષધારાની વિગત | | રૂપાંતરકર લેવાની વિગત (રૂા.૧૦/- પ્રતિ ચો.મી.) | લોકલ ફંડ શેષની લેવાની વિગત | | શિક્ષણ ઉપકરની રકમ (૦.૨૫ પૈ. વિ.ધારાના) | કોલમ-૮ નો વિ.ધારો કઈ તારીખથી લેવાનો છે તેની વિગત |
|---|---|---|---|---|---|---|---|---|
| | | પ્રતિ ચો.મી.ના રૂા.પૈ. પ્રમાણે | રકમ | | ગુડા વિસ્તારમાં વિ.ધારાના ૩/- ગણા પ્રમાણે રૂા. | મ્યુ.કોર્પો. વિસ્તારમાં વિ.ધારાના રૂા.૦-૫૦ પૈ.પ્રમાણે | | |
| ૧ | ૨ | ૩-અ | ૩-બ | ૪ | ૫-અ | ૫-બ | ૬ | ૭ |
| મોજે : બાપોદ તા. જી.વડોદરા.<br>સર્વે નંબર: ૫૬૬-૧<br>ટી.પી./ફા.પ્લોટ નંબર: ફા.પ્લોટ નં.૨૩/૧,ટી.પી. નં. ૪૩<br>ક્ષેત્ર. ચો.મી.: ૧૨૭૫<br>કબજેદારશ્રી :-<br>ઝાલા નરેશસિંહ હરીસિંહ | ક્ષેત્રફળ ૧૨૭૫ (રહેણાંક) | રૂા. ૦.૨૫ પૈસા. | ૩૧૯/- (અંકે રૂપીયા ત્રણ સો ઓગણીસ પુરા) | ૧૨,૭૫૦/- (અંકે રૂપિયા બાર હજાર સાત સો પંચાસ પુરા) | — | ૧૬૦/- (અંકે રૂપિયા એક સો સાહીઠ પુરા) | ૮૦/- (અંકે રૂપીયા એંશી પુરા) | હુકમની તારીખના મહેસુલી વર્ષથી |

નોધઃ- રૂપાંતરકરની રકમ રૂા.૧૨,૭૫૦/- (અંકે રૂપિયા બાર હજાર સાત સો પંચાસ પુરા) તા.૦૫/૦૫/૨૦૧૮ ના રોજ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયામાં "૦૦૩૫" સદરે જમા કરાવી અસલ ચલન રજુ કરેલ છે.

રવાના કર્યું

મામલતદાર(બિનખેતી)
કલેકટર કચેરી,વડોદરા

કલેક્ટર વડોદરા

સહી/-
(શાલિની અગ્રવાલ)
કલેકટર વડોદરા

FOR AMEY INFRASTRUCTURE
PARTNER

**અગ્નિ શમન અને તાત્કાલિક સેવાઓ**
**વડોદરામહાનગરપાલિકા**
દાંડીયા બજાર, વડોદરા .૩૯૦ ૨૦૯ + ૧૨

ફોનઃ ૨૪૧૩૬૩૫ ૨૪૧૩૭૫૨
૨૪૨૦૮૮૧, ૨૪૧૩૭૫૩
ફેકસઃ (૦૨૬૫-૨૪૨૦૮૮૧)

---

મહાનગરપાલિકા / પ્રોવિઝનલ

અ.તા.સે.જા.નં.૩૦૭૪/૨૦-૨૧
તા. ૦૬-૦૨-૨૦૨૧

૩૪૪૯

પ્રતિ,
શ્રી અમેય ઈન્ફ્રાસ્ટ્રક્ચર નામની ભાગીદારી પેઢી
વતી રાજુભાઈ ભવનભાઈ ભરવાડ તથા અન્ય ૧
બાપોદ વડોદરા.

વિષયઃ : મોજેઃ બાપોદ વડોદરા, રે.સ.નં.-૫૬૬/૧,૫૭૨/૧,એફ.પી.નં.-૨૯/૨+૨૩/૧,ટી.પી.નં.-૪૩(મુસદારૂપ), વાળી જમીનમાં રેસીડેન્સીયલના હેતુ માટે હાઈ-રાઈઝ બિલ્ડીંગ "ધ આર.બી. કેપીટલ" ઉચાઇ ૨૪.૬૦ મીટર.બેઝમેન્ટ+ગ્રાઉન્ડ+૦૭.ટાવર-૦૩(A.B.C) નાં બાધકામ માટે અગ્નિ શમન અને તાત્કાલિક સેવાઓ વિભાગનું પ્રોવિઝનલ ફાયર સર્ટીફીકેટ આપવા બાબત.

અનુસંધાનઃ આપશ્રી તરફથી અ.તા.સે.આ.નં. / ૫૯૫૮ / તા. ૨૦-૦૧-૨૦૨૧ થી અત્રેની શાખાએ રજૂ કરેલ નકશા સહીત ફાઇલ.

ઉપરોકત વિષયનાં અનુસંધાનમાં સવિનય સહ જણાવવાનું કે. આપશ્રી તરફથી તા. ૨૦-૦૧-૨૦૨૧ નાં રોજ અત્રેની કચેરીએ પત્ર તથા નકશા સહીત ફાઇલ રજૂ કરી ઉપરોકત વિષયમાં દર્શાવેલ સ્થળ માટે અગ્નિ શમન અને તાત્કાલિક સેવાઓ વિભાગનું પ્રોવિઝનલ ફાયર સર્ટીફીકેટ મેળવવા માંગણી કરવામાં આવેલ છે. તે સંદર્ભે સદર હાઈ-રાઈઝ, રેસીડેન્સીયલ બિલ્ડીંગમાં ફાયર ફાઇટીંગની સુવિધાઓ કરવા અંગે આ સાથે સામેલ સૂચનો જાહેર સલામતી માટે આપવામાં આવે છે. જેનો યુસ્ત અમલ GDCR અનુસાર કરવાનો રહેશે.

સદર સામેલ સૂચનોની પૂર્તતા થયા બાદ તેમજ TDO પત્ર રજૂ કરવો, નિયમાનુસાર અરજી કરી લાગત ભર્યા બાદ અત્રેથી ફાઇનલ એન.ઓ.સી. આપવામાં આવશે.

T D O પત્ર/રજાચીઠી માં દર્શાવેલ નામ,નંબર (FP /OP /RS /CITY SERVE ) નો ઉલ્લેખ ફાયર સર્ટીફીકેટ માં કરવામાં આવશે.આ સિવાયના નામ અને નંબર બાબતે કાયદાકીય ગુચ માટે અગ્નિસમન અને તત્કાલિક સેવા વિભાગ જવાબદાર રહેશે નહિ.

નોધઃ-સને ૨૦૧૭ અગાઉના બિલ્ડીંગોમાં સ્થળ તપાસ દરમ્યાન CGDCRના નિયમોને અનુસરી અત્રેના સુચન પ્રમાણે જરૂરી જણાય તે મુજબનો બાંધકામમાં ફેરફાર કરવાનો રહેશે.

ચીફ ઓફિસર (ફાયર)
મહાનગરપાલિકા
વડોદરા

નકલ રવાનાઃ શ્રી ટાઉન ડેવલપમેન્ટ ઓફીસર. મહાનગરપાલિકા. વડોદરા... નિયમ પ્રમાણે આગળની કાર્યવાહી કરવા સારૂ.

E:\suresh\Provisional\Format_Provisional.docx

**અગ્નિ શમન અને તાત્કાલિક સેવાઓ**
**વડોદરામહાનગરપાલિકા**
દાંડીયા બજાર, વડોદરા .૩૯૦ ૨૦૯ + ૧૨

ફોન: ૨૪૧૩૬૩૫, ૨૪૧૩૭૫૨
૨૪૨૦૮૮૧, ૨૪૧૩૭૫૩
ફેકસ: (૦૨૬૫-૨૪૨૦૮૮૧)

**હાઇ-રાઇઝ રેશીડેન્શીયલ બિલ્ડીંગ, મહાનગરપાલિકાની હદમાં આવેલ હોય તેનાં બાંધકામ અંગે અગ્નિ શમન અને તાત્કાલિક સેવાઓ વિભાગની પ્રોવિઝનલ ફાયર એન.ઓ.સી. મેળવવા માટેનાં સૂચનો:**

૧. નેશનલ બિલ્ડીંગ કોડ ઓફ ઇન્ડીયાનાં ચેપ્ટર-૪માં જણાવ્યા અનુસાર બહુમાળી બિલ્ડીંગમાં ફાયર ફાઇટીંગની સુવિધાઓ નિયમ પ્રમાણે જાહેર સલામતી માટે કરવાની રહેશે.

૨. દરેક ટાવરમાં ફાયર ફાઇટીંગની વેટ રાઇઝર સીસ્ટમ રૂબરૂ ચર્ચા કર્યા પ્રમાણે દરેક દાદર પાસે ૪" ડાયા મીટરની ગેલ્વેનાઇઝ આયર્ન પાઇપ ઓફીસ લાલ કલરથી કલર કરવાનો રહેશે અને અંડર ગ્રાઉન્ડ પાઇપ લાઇનને ડામર પ્લાસ્ટિક કરી કોટીંગ કરવું.

૩. બિલ્ડીંગના દરેક ટાવરના દરેક માળે સ્ટેરકેસ પર બધા જોઇ શકે તેવી જગ્યાએ નિયત ડીઝાઇનનું તથા મેકનું હોઝ બોક્ષતથા ૬૩ mm ડાયા મીટરની હોઝ પાઇપ, બ્રાન્ચ પાઇપ મૂકવા તથા રાઇઝર લાઇન પર ફાયર હાઇડ્રન્ટ લેન્ડીંગ વાલ્વ મૂકવાનાં રહેશે.

૪. બિલ્ડીંગના દરેક ટાવરના દરેક માળે ફાયર એલાર્મ સીસ્ટમની પીલ બોક્ષ પ્રકારની સ્વીચ તથા આખા બિલ્ડીંગમાં સાંભળી શકાય તે પ્રમાણે ઓલ્ટરનેટ ફલોર પર ફાયર એલાર્મ બેલ મૂકવાનો રહેશે તથા સ્વીચ પાસે લાલ કલરનાં અક્ષરથી ફાયર એલાર્મ લેટરીંગ બધાં વાંચી શકે તે પ્રમાણે કરવાનું રહેશે.

૫. બિલ્ડીંગના દરેક ટાવરના દરેક માળે આઇ. એસ. આઇ. માર્કાનાં ૬ કે.જી.ની ક્ષમતા વાળુ ડ્રાય કેમીકલ પાઉડર ફાયર એક્ષ્ટીંગયુઝર્સ નંગ-૦૧ તગા ૯ લીટરની ક્ષમતા વાળું વોટર ટાઇપ ફાયર એક્ષ્ટીંગયુઝર્સ નંગ-૦૧ મૂકવું તથા તેના પર બિલ્ડીંગનું નામ લેટરીંગ કરવું.

૬. નકશામાં બતાવેલ રસ્તાઓ પરથી હાઇડ્રોલીક એલીવેટેડ પ્લેટફોર્મથી ફાયર ફાઇટીંગ તથા બચાવ કામગીરીમાટે ઓપરેટ થઇ શકે તે માટે પૂરતી પહોળાઇ, લંબાઇ તથા કોઇપણ પ્રકારનાં અડવણ વિનાનો રસ્તો માટે GDCRમાં બતાવ્યા અનુસાર રાખવાનો રહેશે અને તે અડચણ વિનાનો ખુલ્લો રાખવાનો રહેશે.

૭. દરેક ટાવરના દરેક માળે પુરતી પહોળાઇનાં દાદર એવી રીતે રાખવા કે જે ટ્રાવેલ ડીસ્ટન્સથી ૨૨.૫ મીટરની વધે નહીં.

૮. દરેક ટાવરમાં પાર્કીંગ ફકત ગ્રાઉન્ડ ફલોર પર હોય ફાયર હાઇડ્રન્ટ સીસ્ટમ જી.આઇ.પાઇપમાં કરીને અમારી સૂચના પ્રમાણે પાર્કીંગમાં ફાયર હાઇડ્રન્ટ તથા તેના સાધનો વિગેરે મૂકવાના રહેશે.

૯. દરેક ટાવરમાં ફાયર હાઇડ્રન્ટ રાઇઝર લાઇન ઉપર જરૂર પડયે લાઇન બંધ કરવા માટે આઇસોલેટીંગ વ્હીલ વાલ્વ પર ૪ ફૂટની ઉંચાઇ પર મૂકવાનો રહેશે.

૧૦. દરેક ટાવરના ફાયર ફાઇટીંગના દરેક પ્રકારનાં સાધનો ઉપર જે તે બહુમાળી બિલ્ડીંગનું નામ લેટરીંગ / પેઇન્ટીંગ કરાવવાનું રહેશે.

૧૧. દરેક ટાવરના ફાયર ફાઇટીંગ તથા બચાવ કામગીરી માટે ફાયર બ્રિગેડના વાહનો ઝડપી અને સહેલાઇથી એપ્રોચ થઇ શકે તે માટે સાઇડ તથા ફ્રન્ટ માર્જીનનો ૨૦ ટન વજનની ક્ષમતાં વાળો એપ્રોચ રસ્તો નકશામા દર્શાવ્યા પ્રમાણેનો ખુલ્લો તથા ઓપન ટુ સ્કાય રાખવાનો રહેશે.

૧૨. દરેક ટવારના બિલ્ડીંગની આગળ તથા બન્ને બાજુએ ફાયર બ્રિગેડના વાહનોનાં ઓપરેશનને નડતર રૂપ રસ્તામાં પડતાં ઝાડ / ઓવર હેડ ટેલિફોન તથા ઇલેકટ્રીક લાઇન પસાર થતી હોય તો તે અડચણ દૂર કરવાની રહેશે.

૧૩. ફાયર પંપ, ફાયર લીફટ, પેસેજ / લોબી / સ્ટેરકેસની લાઇટો, ફાયર એલાર્મ સીસ્ટમ માટે ઇમરજન્સીમાં ઉપયોગ કરી શકાય તેટલી પુરતી ક્ષમતા વાળું ડી.જી. સેટ (જનરેટર / ડીઝલ પંપ) રાખવાનું રહેશે અને તેનાથી પુરતા પ્રેસરથી ફાયર પંપનો ટેસ્ટ આપવાનો રહેશે.

૧૪. દરેક ટાવરની અંડર ગ્રાઉન્ડ ફાયર વોટર ટેન્ક એક લાખ લીટરની તથા ઓવર હેડ વોટર ટેન્ક ૨૦,૦૦૦ લી.ની નિયમ અનુસાર પાણી ભરેલી રાખીને ફાયર પંપ સાથે જોડાણ કરવું અને જી.ઇ.બી. ના ઇલેકટ્રીક સપ્લાયથી તથા જનરેટરથી પાણીના પ્રેસર માટે ફાયર પંપનું ટેસ્ટીંગ આપવાનું રહેશે.

૧૫. રસ્તામાં આવતા ડ્રેનેજ, વોટર ટેન્ક તથા કોઇપણ પ્રકારનાં ચેમ્બરનાં ઢાકણા હેવી ડયુટીના અને ઓછામાં ઓછુ ૨૦ ટન વજન વાહનોનું લઇ શકે તેવા મજબૂત ફીટ કરવા.

૧૬. દરેક ટાવરના બિલ્ડીંગના આગળના ભાગે ફોર-વે કલેકટીંગ હેડ (વોટર ઇન્લેટ) ફાયર એન્જીનથી ઇમરજન્સીમાં રાઇઝરમાં પાણી મેળવી શકાય તે માટે મૂકવાનો રહેશે. બિલ્ડીંગની પહોળાઇ વધારે હોય તો બન્ને બાજુ ફોર-વે કલેકટીંગ હેડ લગાવવાના રહેશે. બે થી વધારે ટાવરની સંખ્યમાં દરેક રાઇઝર લાઇન ગ્રાઉન્ડ ફલોર પર ફોર વે કલેકટીંગ હેડ મૂકવો.

૧૭. દરેક ટાવરમાં લીફટ એકટ અંગે સરકારશ્રીના નિયમાનુસાર પુરતી ક્ષમતાની તથા અધિકૃત કંપનીની લીફટ રાખવાની રહેશે અને આ માટે ઇન્સ્પેકશન ઓફ લીફટ, ગાંધીનગરનું ટેસ્ટીંગ દર વર્ષ જાહેર સલામતી માટે કરાવવાનું રહેશે.

૧૮. સદર દરેક ટાવરના બિલ્ડીંગ અંગે અધિકૃત સ્ટ્રકચર એન્જીનીયરશ્રીનું સર્ટીફીકેટ મેળવીને તથા તેઓના માર્ગ દર્શન હેઠળ બાંધકામની મજબુતાઇ માટે તથા ધરતીકંપ જેવી હોનારતમાં ટકી શકે તે પ્રમાણે બાંધકામ કરવાનું રહેશે તથા અત્રે રજુ કરેલા નકશામાં અત્રેના સૂચનો પ્રમાણે બાંધકામ કરવાનું રહેશે.

૧૯. બિલ્ડીંગના દરેક ટાવરના દરેક ફલોર પર આગ લાગે ત્યારે ધુમાડો જલ્દીથી બહાર નીકળી શકે તે માટે પુરતા પ્રમાણમાં તથા પુરતી પહોળાઇ વાળા વેન્ટીલેશનો ખુલ્લા રાખવાનારહેશે. વચ્ચેના ભાગે પુરતી ક્ષમતાના મોટા એકઝોસ્ટ ફેન મૂકી વેન્ટીલેશન આપો આપ ખુલી જાય તેવી વ્યવસ્થા ગોઠવવી અને આ વ્યવસ્થા જનરેટર પર પણ ચાલે તેવી ખાતરી કરવી.

૨૦. ભીષણ આગ લાગે ત્યારે તથા ઇમરજન્સી માટે જરૂરી એકશન પ્લાન તૈયાર કરીને ફરજ પરના તમામ સ્ટાફને તથા ભોગવટો કરનારને અમલ માટે અને જરૂરી સૂચના / તાલીમ આપવી અને તેનું ચૂસ્ત પાલન કરાવવું.

૨૧. દરેક ટાવરનું દર વર્ષે બિલ્ડીંગમાં રાખવામાં આવેલ ફાયર ફાઇટીંગની સુવિધાઓનું જાહેર સલામતી માટે ટેસ્ટીંગ કરાવી રીન્યુઅલ કરાવવાનું રહેશે.

૨૨. બાંધકામ પૂરૂ થયા બાદ નિયમ પ્રમાણે અત્રે લાગત ભરીને ટેસ્ટીંગ કરાવવાનું રહેશે. બાંધકામ પૂરૂ થયા બાદ અત્રેના સૂચનોની પુર્તતા બાબતે અત્રે ટેસ્ટીંગ માટે લેખિત અરજી કરવી જેથી અત્રેથી ઇન્સ્પેકશન / ટેસ્ટીંગ કરી શકાય.

૨૩. મહાનગરપાલિકાનાં નિયમો અને સૂચના અનુસાર તથા અત્રેના સૂચનો પ્રમાણે બાંધકામ કરવાનું રહેશે.

૨૪. એક ફાયર લીફટ તથા એક ઇમરજન્સી સ્ટેરકેસ જાહેર સલામતી માટે રાખવાના રહેશે. બાકીની લીફટની સંખ્યા તથા સ્ટેરકેશની સંખ્યા ટાઉન પ્લાનીંગ શાખાના નિયમોને આધીન રહીને રાખવાનાં રહેશે.

૨૫. સદર બિલ્ડીંગ માટે પાછળથી વડોદરા મહાનગર સેવા સદનનાં ચીફ ઓફિસર (ફાયર) શ્રી તરફથી કે સરકારશ્રીનાં ધારા ધોરણ પ્રમાણે જાહેર સલામતી માટે જો કોઇ વધારાના સૂચનો હશે તો તેનો ચૂસ્ત અમલ કરવાનો રહેશે.

૨૬. ફાયર ફાઇટીંગ સુવિધાઓની વિગત દર્શાવતું ડ્રોઇંગ પ્રમાણીત કરાવી કામ ચાલુ કરતાં પહેલા રજુ કરવાનું રહેશે.

૨૭. GDCRની કલમ ૧૭.૨ ની પેટા કલમ નં.૫ પ્રમાણે ફાયર ફાઇટીંગ માટે પૂરતા પ્રમાણમાં પાણી મળી રહે તે માટે બિલ્ડીંગની બહાર મહાનગર સેવા સદનની મુખ્ય પાણીની નળિકા ઉપર એક ફાયર હાઇડ્રન્ટ જરૂરી લાગત ભરી જે તે વોર્ડ ઓફીસમાં જરૂરી સાધનીક કાગળો રજૂ કરી બેસાડવાનોરહેશે જે માટેના જરૂરી સાધનીક પત્રો ફાઇનલ ટેસ્ટીંગ વખતે રજૂ કરવાનાં રહેશે.

૨૮. બિલ્ડીંગની બાઉન્ડ્રી વોલ તથા સ્ટ્રકચર વચ્ચે ફાયર ફાઇટીંગ માટેના વાહનો સહેલાઇથી ફરી શકે તે માટે કોઇપણ પ્રકારનો પાર્કીંગ શેડ બનાવવો નહીં.

૪૯. બિલ્ડીંગમાં કવર સ્ટેરકેશ વગેરે બિલ્ડીંગોમાં ફલોર ટુ ફલોર ઇલેકટ્રીક વાયરીંગ ડકડ / શાફટ નેશનલ બિલ્ડીંગ કોડનાં નિયમાનુસાર ફાયર રીટારડન્ટ મટીરીયલથી સીલ્ડ કરવાનું રહેશે.

૫૦. બેઝમેન્ટમાં સ્ટેરકેશ સીડી ગ્રાઉન્ડ ફલોર પર જઇ શકે તેવી જરૂરીઆત પ્રમાણેની વ્યવસ્થા કરવી.

૫૧. ઇમરજન્સી એકઝીટ સાઇન નેશનલ બિલ્ડીંગ કોડ પાર્ટ ૪.૨.૭ અને I/S ૯૪૫૭ / ૧૯૮૦ પ્રમાણે કરવાના રહેશે.

૫૨. સ્કાઇ લાઇટ વાયરડ ગ્લાસ એટલીસ્ટ અડધો કલાકનાં ફાયર રેજીસ્ટંટ રેટીંગ વાળા એન.બી.સી કોડ પ્રમાણે રાખવા અને તેના સર્ટી. રજૂ કરવા.

૫૩. નેશનલ બિલ્ડીંગ કોડ પાર્ટ-૮ પ્રમાણે બેઝમેન્ટમાં સ્મોક મેનેજમેન્ટ ( એ.એચ.યુ., એચ.વી.એ.સી., મીકેનીકલ એકઝોસ્ટની યોગ્ય વ્યવસ્થા રાખવી જેથી ઇમરજન્સીમાં કામગીરી થઇ શકે.

૫૪. ફાયર સેફટી માટે નકશામાં બતાવેલ રસ્તાઓ પરથી હાઇડ્રોલીક એલીવેટેડ પ્લેટફોર્મથી ફાયર ફાઇટીંગ તથા બચાવ કામગીરી માટે ઓપરેટ થઇ શકે તે માટે પૂરતી પહોળાઇ, લંબાઇ તથા કોઇપણ પ્રકારનાં અડચણ વિનાનો ખુલ્લો રસ્તો રાખવાનો રહેશે તથા બે ટાવર વચ્ચે જો સુરક્ષીત અંતર જળવાતુ નહીં હોય તો અને ફાયર સેફટીનાં વ્હીકલ ઓપરેટ થઇ શકે નહીં, તેવા સંજોગોમાં ફાયનલ એન.ઓ.સી. આપી શકાય નહીં.

૫૫. HFL લેવલ મેઇન્ટેન કરી બાંધકામ કરવું.

૫૬. બેઝમેન્ટ HFL લેવલથી ઇફેકટ કરતાં પ્લોટોમાં ભરાયેલ પાણી (બેઝમેન્ટ લેવલ / લોવર લેવલ / ગ્રાઉન્ડ લેવલ થી ડી-વોટરીંગ માટે પમ્પીંગની વ્યવસ્થા કરવાની રહેશે.

૫૭. સદર બિલ્ડીંગમાં હોસ્પિટલ / હોટલ/ સ્કૂલ/ ઓડિટોરિયમ(એસેમ્બ્લી) જેવા સ્પેશયલ સિવાય ના બિલ્ડીંગ માટે ઉપરોકત સૂચનો કરેલ છે. જો ઉપરોકત સ્પેશયલ પ્રકારના બિલ્ડીંગ કરવાના હશે તો અલગ સૂચનો (પરવાનગી લેવાની રહશે )

ચીફ ઓફિસર (ફાયર)
મહાનગરપાલિકા
વડોદરા

भारतीय विमानपत्तन प्राधिकरण
AIRPORTS AUTHORITY OF INDIA

AMEY INFRASTRUCTURE Partnership Firm Partner Rajubhai Bhavanbhai Bharwad　　Date: 29-11-2020

Tower A, GF10, Rajbhavan Residency, B/H Reliance Fresh, Waghodiya Road, At-

# System Generated Auto Assessment for Height Clearance

1. Airports Authority of India (AAI) in pursuance of responsibility conferred by and as per the provisions of Govt. of India (Ministry of Civil Aviation) order GSR 751 (E) dated 30th Sep. 2015 for Safe and Regular Aircraft Operations has assessed the site data filled by the applicant.

2. Assessment details for Height Clearance:

| | |
|---|---|
| NOC ID : | **VADO/WEST/B/112920/513009** |
| Applicant Name* | **Baldev patel** |
| Site Address* | **THE RB CAPITAL, S No- 572/1, 566/1, OP No-29/2, 23/1, FP No- 29/2 Plus 23/1, TP No-43, At- Bapod, Vadodara.** |
| Site Coordinates* | **22 17 55.85N 73 14 58.65E, 22 17 57.58N 73 14 58.90E, 22 17 57.49N 73 15 00.16E, 22 17 55.68N 73 15 00.17E** |
| Site Elevation in mtrs AMSL as submitted by Applicant* | **29.15 M** |
| Type Of Structure* | **Building** |

*As provided by applicant

**Your site is located at a distance 4680 mts from ARP and lies in the grid N15 of the published CCZM of Vadodara airport. The Permitted top elevation for this grid is 100 mts.**

**Since the requested top elevation 79.15 mts in AMSL is below CCZM permitted top elevation, the NOC for height clearance is not required from Airports Authority of India.**

3. This assessment is subject to the terms and conditions as given below:

a. The site-elevation and site coordinates provided by the applicant are taken for calculation of the permissible top elevation for the proposed structure. If however, at any stage it is established that the actual data is different from the one provided by the applicant, this assessment will become invalid.

b. The Site coordinates as provided by the applicant in the NOC application has been plotted on the street view map and satellite map as shown in ANNEXURE. Applicant/Owner to ensure that the plotted coordinates corresponds to his/her site.In case of any discrepancy,this assessment shall be treated as null and void

c. Airport operator or his designated representative may visit the site (with prior coordination with applicant or owner) to ensure that assessment terms & conditions are complied with.

d. The assessment is further subject to the provisions of Section 9-A of the Indian Aircraft Act, 1934 and any notifications issued there under from time to time including the Aircraft(Demolition of Obstruction caused by Buildings and Trees etc.) Rules,1994.



૨૪(૭)

e. The applicant is responsible to obtain all other statutory clearances from the concerned authorities including the approval of building plans. This assessment for height is to ensure the safe and regular aircraft operations and shall not be used as document for any other purpose/claim whatsoever, including ownership of land etc.

f. Use of oil, electric or any other fuel which does not create smoke hazard for flight operations is obligatory, within 8 KM of the Aerodrome Reference Point.

g. This assessment has been issued w.r.t. the Civil Airports as notified in GSR 751(E). Applicant needs to seek separate NOC for Defence, if the site lies within jurisdiction of Defence Airport. Applicants also need to seek clearance from state Govt. as applicable, for sites which lies in the jurisdiction of unlicensed civil aerodrome as outlined in Rule 13 of GSR751 (E).

*This assessment is system auto generated and thus does not require any signature*

Designated Officer

Region Name: WEST

Address: General Manager Airports Authority of India, Regional Headquarter, Western Region, Opp. Parsiwada, Sahar Road, Vale Parle (E)

Email ID: nocwr@aai.aero

Contact No: 022-28300656